શ્રાદ્ધ ધર્મ.

૬૨૦૭

નારાયણ હેમચંદ્ર.

બ્રાહ્મધર્મ.

મહર્ષિ શ્રીદેવેન્દ્રનાથ ઠાકુરે

શ્રુતિસ્મૃતિમાંથી સંગ્રહ કર્યો.

તેનું

નારાયણ હેમચંદ્રે.

ગુર્જરભાષામાં ભાષાન્તર કર્યું.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસમાં મુદ્રિત કર્યો.

સંવત ૧૯૫૨.—ઇ. સ. ૧૮૯૫.

આ લખનારનાં ધર્મ સંબંધી પુસ્તકો.

૧	બ્રાહ્મધર્મ...	...૦—૬—૦
૨	બ્રાહ્મધર્મનાં વ્યાખ્યાન......	...૦—૨—૦
૩	બ્રાહ્મધર્મ મત અને વિશ્વાસ.	...૦—૨—૦
૪	સાધનબિંદુ......	...૦—૪—૦
૫	ભગવદ્‌ગીતાનો સાર... ...	...૦—૨—૦
૬	ગૃહધર્મ...	...૦—૨—૦
૭	નારીધર્મ...	...૦—૪—૦
૮	આર્ય ધર્મનીતિ...	...૦—૬—૦
૯	જરતોસ્ત ધર્મનીતિ.... ...	...૦—૪—૦
૧૦	ખ્રિસ્ત ધર્મનીતિ...... ...	...૦—૨—૦
૧૧	ધર્મનીતિ...	...૦—૭—૦
૧૨	ઉપનિષદ્‌...	...૦—૬—૦
૧૩	કર્તવ્યકર્મ...	...૦—૬—૦
૧૪	ધર્મદીપિકા......	...૦—૦—૩
૧૫	બ્રાહ્મધર્મ મતસાર	...૦—૦—૩
૧૬	પિતા પુત્ર સંબંધી ઉપદેશ ...	...૦—૦—૬
૧૭	વેદ અને પુરાણ સંબંધી ઉપદેશ.	...૦—૦—૩
૧૮	એક દેવ કે તેતરીસ કરોડ દેવતા...	૦—૦—૩
૧૯	અગ્નિધર્મ......	...૦—૦—૩
૨૦	સત્યધર્મ....	...૦—૦—૩
૨૧	સદ્‌ધર્મસૂત્ર.....	...૦—૨—૦

એન. એમ. એન્ડ કંપની. કાલબાદેવીરોડ મુંબઈ.

उत्सर्ग.

भक्ति भाजन स्वर्गवासी भोळानाथ सा-
राभाईए गूजरातमां सद्धर्म फेलाववाने माटे
मृत्युपर्यन्त यत्न कर्यो छे, तथा तेमना सारा
गुणोथी खेंचाईने ब्राह्मधर्म नामक सनातन
आर्य धर्मनुं मूळ तत्व स्वरूप आ लघु पुस्तक
तेमना स्मरणने माटे भाषान्तर कर्ताए भक्ति
पूर्वक उत्सर्ग कर्युं.

ब्राह्मधर्मबीज.

१ ब्रह्म वाएकमिदमग्रआसीत् नान्यत् किञ्चनासीत् । तदिदं सर्व्वमसृजत् ।

૧ પહેલાં એકમાત્ર પરબ્રહ્મ હતો; બીજું કંઈજ નહોતું, તેણેજ સઘળી સૃષ્ટિ કરી.

२ तदेव नित्यं ज्ञानमनन्तं शिवं स्वतन्त्रं निरवयवमेकमेवाद्वितीयं सर्व्वव्यापि सर्व्वनियन्तृ सर्व्वाश्रयं सर्व्ववित् सर्व्वशक्तिमत् ध्रुवं पूर्णमप्रतिममिति ।

૨ તે જ્ઞાનસ્વરૂપ, અનંત સ્વરૂપ, મંગલસ્વરૂપ, નિત્ય, નિયંતા, સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વાશ્રય, નિરવયવ, નિર્વિકાર, એકમેવાદ્વિતીય, સર્વશક્તિમાન્, સ્વતંત્ર અને પરિપૂર્ણ છે; કોઇની સાથે તેની તુલના થઇ શકતી નથી.

३ एकस्य तस्यैवोपासनया पारात्रिकमैहिकञ्च शुभम्भवति ।

૩ એકમાત્ર તેની ઉપાસના કર્યાથી આલોકમાં

અને પરલોકમાં સારૂં થાય છે.

૪ तस्मिन् प्रीतिस्तस्य प्रियकार्य्यसाधनञ्च तदुपासनमेव ।

૪ તેના ઉપર પ્રીતિ રાખવી અને તેનાં પ્રિયકાર્ય કરવાં એજ તેની ઉપાસના છે.

ब्राह्मधर्मग्रहण.

अस्मिन् ब्राह्मधर्म्मबीजे विश्वस्य ब्राह्मधर्म्मं गृह्णामि ।

હું આ બ્રાહ્મધર્મના બીજ ઉપર વિશ્વાસ રાખીને બ્રાહ્મધર્મ ગ્રહણ કરું છું.

१ ओं सृष्टिस्थितिप्रलयकर्त्तरि मुक्तिकारणे सर्व्वज्ञे सर्व्वव्यापिनि पूर्णानन्दमङ्गले निरवयवएकमात्राद्धितीये परब्रह्मणि प्रीत्या तत्प्रियकार्य्यसाधनेन च तदुपास्यामि ।

૧ સૃષ્ટિ-સ્થિતિ-પ્રલયકર્તા, ઐહિક પારત્રિક મંગલદાતા, સર્વજ્ઞ, સર્વવ્યાપી, મંગલસ્વરૂપ, નિરવયવ, એકમાત્ર, અદ્વિતીય, પરબ્રહ્મ ઉપર પ્રીતિ રાખીને અને તેનું પ્રિયકાર્ય કરીને તેની ઉપાસના કરીશ.

२ सर्व्वस्रष्टृ परब्रह्मेति स्रष्टं किञ्चिन्नाराधयिष्यामि ।

૨ પરબ્રહ્મને સમજીને કોઇ સૃષ્ટ વસ્તુની આરાધના કરીશ નહિ.

३ अरुग्णोऽविपन्नश्चेत प्रतिदिनं यदा चित्तैकाग्रता तदा श्रद्धया प्रीत्या च परब्रह्मणि मनः समाधास्यामि ।

૩ રોગ તથા કોઇ જાતની વિપત્તિમાં ન પડ્યો હોઉં તો રોજ ચિત્ત એકાગ્ર હશે ત્યારે શ્રદ્ધા અને પ્રીતિપૂર્વક પરબ્રહ્મમાં મન લગાડીશ.

४ सदनुष्ठानाय च यतिष्ये ।

૪ સત્કર્મમાં યત્નવાન્ થઇશ.

५ दुष्कृतिभ्योनिवृत्त्यै यत्नवान् भविष्यामि ।

૫ પાપકર્મથી છેટે રહેવાને માટે યત્ન કરીશ.

६ यदि मोहात् कुकर्म्म किञ्चित् कृतं स्यात् तदैकान्ततस्तस्मान्मुक्तिमन्विच्छन् न प्रमादिष्यामि ।

૬ જો મોહમાં પડીને કદી કોઇ રીતનું પાપાચરણ કરું તો તેને માટે અકૃત્રિમ પશ્ચાત્તાપ કરીને તેનાથી દૂર રહેવાનો યત્ન કરીશ.

७ वर्षे वर्षे मदीये च तावत् सांसारिकशुभकर्म्मणि ब्राह्मसमाजाय दास्यामि ।

૭ બ્રાહ્મધર્મની ઉન્નતિ કરવા માટે દરવર્ષે બ્રાહ્મસમાજમાં દાન આપીશ.

हे परमात्मन् मां प्रति एतत् परमधर्मप्रतिपालनसामर्थ्यमर्पय ।

હે પરમાત્માન્ ઉત્તમ રીતે આ પરમધર્મ પાળવાની શક્તિ મને આપો.

ओं एकमेवाद्वितीयं ।

ઓં એકમેવાદ્વિતીયમ્

प्रतिज्ञास्मरणार्थश्लोकाः ।

यदस्यजगतोजन्मस्थितिभङ्गादिकारणम् ।
अमृतस्य च यन्मूलमेकं ब्रह्म सनातनम् ॥
प्रीत्यापरमयातस्यप्रियकार्य्यनिषवया ।
उपास्यंतन्मयानान्यत्सृष्टं किञ्चन तद्धिया ॥
यदा कदा प्रतिदिनं नापन्नश्चेन्न रोगवान् ।
श्रद्धाप्रीतियुतं चित्तं समाधास्ये तदेश्वरे ॥

सदनुष्ठाननिरतो विरतश्च तथाऽसतः ।
सर्व्वदाहं भविष्यामि प्रीणनायपरात्मनः ॥
अज्ञानादूयदिवामोहात् कुर्य्यांकर्म्मविगर्हितम् ।
तस्माद्विमुक्तिमन्विच्छन्नाचरिष्यामितत्पुनः ॥
प्रतिवर्षे तथा चैव मद्गृहे शुभकर्म्मणि ।
देयं ब्राह्मसमाजाय प्रतिज्ञातमिदं मया ॥

प्रातःस्मर्त्तव्यम् ।

लोकेशचैतन्यमयाधिदेवमङ्गल्याविष्णोभवदाज्ञयैव । हिताय लोकस्य तव प्रियार्थं संसारयात्रामनुवर्त्तयिष्ये ॥

હે લોકેશ ચૈતન્યમય અધિદેવ! હે મંગળમય વિભો? તમારી પ્રીતિને માટે સંસારયાત્રા નિર્વાહ કરવામાં લાગું છું.

ब्रह्मोपासना ।

अर्चना.

ओं पिता नोऽसि पितानो बोधि नमस्तेऽस्तुमा मा हिंसीः । विश्वानि देव सवितर्दु-

रितानि परासुव । यद्भद्रंतन्न आसुव । नमः शंभवाय च मयोभवाय च नमः शंकराय च मयस्कराय च नमः शिवाय च शिवतराय च ।

તમે અમારા પિતાછો, પિતાના પ્રમાણે જ્ઞાન દ્યો; તમને નમસ્કાર છે, અમારી મોહ પાપથી રક્ષા કરો, અમારો પરિત્યાગ કરશો નહિ, અમારો વિનાશ કરશો નહિ.

હે દેવ! હે પિતા! પાપની ક્ષમા કરો. જે કંઇ કલ્યાણકર હોય તે અમારામાં પ્રેરણ કરો.

તમે સુખકર, કલ્યાણકર, સુખ કલ્યાણનો ભંડાર, કલ્યાણ અને કલ્યાણકર છો, તમને નમસ્કાર છે.

प्रणामः ।

योदेवोऽग्नौ योऽप्सु योविश्वं भुवनमाविवेश ।
यऔषधीषु यौवनस्पतिषु तस्मैदेवाय नमोनमः ॥

જે દેવતા અગ્નિમાં છે, જે પાણીમાં છે, જે સર્વ ભુવનમાં પ્રવિષ્ટ છે, જે ઔષધિમાં છે, જે વનસ્પતિમાં છે. તે દેવતાને વારંવાર નમસ્કાર છે.

समाधानं ।

ओं सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।

आनन्दरूपममृतं यद्विभाति ।

शान्तं शिवमद्वैतं ।

જે આપણા સ્રષ્ટા, પાતા, અને સર્વ સુખદાતા છે, જે આપણા જીવનનું જીવન અને કલ્યાણનો ભંડાર છે, આપણે જેની કૃપાથી શરીર, મન, જેની કૃપાથી બુદ્ધિ, બલ, જેના પ્રસાદથી જ્ઞાન, અને ધર્મ મેળવીએ છિયે, જે આપણા શરીર, મન અને આત્માની નાના પ્રકારના વિઘ્નથી સર્વદા રક્ષા કરે છે. તે સત્ય સ્વરૂપ, જ્ઞાન, સ્વરૂપ, અનંત સ્વરૂપ પરબ્રહ્મ છે, તે આનંદરૂપથી, અમૃતરૂપથી પ્રકાશિત થઇ રહ્યો છે, તે શાન્ત મંગળ અદ્વિતીય છે. એકાગ્ર ચિત્તવાળા થઇને પ્રીતિ પૂર્વક પોતાના આત્માને તે અદ્વિતીય મંગલ સ્વરૂપમાં સમાધાન કરવો.

ओंसपर्य्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धं । कविर्म्मनीषीपरिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः । एतस्माज्जायते प्राणोमनः सर्व्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी । भयादस्याग्निस्तपति भयात्तपति सूर्य्यः । भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावतिपञ्चमः॥

તે સર્વવ્યાપી, નિર્મળ, નિરવયવ, શિરાવ્રણ રહિત, શુદ્ધ અને અપાપવિદ્ધ છે, તે સર્વદર્શી, મનનો નિયંતા છે. તે સર્વથી શ્રેષ્ઠ અને સ્વપ્રકાશ છે. તે સર્વ કાળે પ્રજાને યથોપયુક્ત અર્થ આપે છે. એનાથી પ્રાણ, મન, સઘળી ઇંદ્રિય અને આકાશ વાયુ, જ્યોતિ, પાણી, અને સર્વનો આધાર આ પૃથ્વી, ઉત્પન્ન થયાં છે. એના ભયથી અગ્નિ બળે છે, એના ભયથી સૂર્ય તપે છે, એના ભયે મેઘ વરસે છે, વાયુ સંચલિત થાય છે. અને મૃત્યુ સંચરણ કરે છે.

स्तोत्रम् ।

ओं नमस्ते सते ते जगत्कारणाय
नमस्ते चिते सर्व्वलोकाश्रयाय ।
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय
नमोब्रह्मणेव्यापिने शाश्वताय ॥
त्वमेकं शरण्यं त्वमके वरण्यं
त्वमेकं जगत्पालकं स्वप्रकाशं ।
त्वमेकं जगत्कर्तृ पातृ प्रहतृ
त्वमेकं परं निश्चलं निर्विकल्पं ॥
भयानां भयं भीषणं भीषण नां

गतिः प्राणिनां पावनं पावनानां ।
महोच्चैः पदानां नियन्तृ त्वमेकं
परेषां परंरक्षणं रक्षणानां ॥
वयन्त्वां जगत्साक्षिरूपं नमामः ।
सदेकं निधानं निरालम्बमीशं
भवाम्भोधिपोतं शरण्यं व्रजामः ॥

તમે સત્સ્વરૂપ, જગતનું કારણ, જ્ઞાનસ્વરૂપ અને સર્વનો આશ્રય છો, તમને નમસ્કાર છે, તમે મુક્તિ દાતા, અદ્વિતીય, નિત્ય અને સર્વવ્યાપી બ્રહ્મ છો, તમને નમસ્કાર છે. તમે સર્વનું આશ્રયસ્થાન છો, તમે કેવળ વરણીય છો. તમે એકલાજ જગતના પાલક અને સર્વ પ્રકાશ છો; તમે જગતના સૃષ્ટિ સ્થિતિ અને પ્રલયકર્તા તમે સર્વથી શ્રેષ્ઠ છો, તમે નિશ્ચલ અને દ્વિધાશૂન્ય છો, તમે સર્વ ભયના ભય અને ભયાનકના ભયાનક છો. તમે પ્રાણિયોની ગતિ તથા પાવનના પાવન છો; તમે મહા ઉચ્ચ સ્થાન છો, અને સર્વના નિયંતા છો, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ અને રક્ષકોના રક્ષક છો. અમે તમને સ્મરણ કરીએ છિયે, તમે જગતના સાક્ષી છો. અમે તમને નમસ્કાર કરીએ છિયે; તમે સત્ય સ્વરૂપ, આશ્રય સ્વરૂપ અવ-

લંબન વગરના સંસાર સાગરની તરણી છો. એવા અદ્વિતીય ઈશ્વરને શરણે જાઉં છું.

प्रार्थना ।

હે પરમાત્મન્! મોહ પાપથી મુક્ત કરીને દુર્મિતિથી છોડાવીને તમારો નિયમિત ધર્મ પાળવામાં અમને યત્નવાન્ કરો અને શ્રદ્ધા તથા પ્રીતિથી હમેશાં તમારા અપાર મહિમા અને પરમ મંગળ સ્વરૂપના ચિંતનમાં ઉત્સાહી કરો: જેનાથી ધીરે ધીરે હું તમારી સાથે નિત્ય સહવાસજનિત પરમાનંદ પ્રાપ્ત કરીને કૃતાર્થ થઇ શકું.

असतोमा सद्गमय तमसोमाज्योतिर्गमय मृत्योर्माऽमृतं गमय । आविरावीर्म्मएधि । रुद्र यत्ते दक्षिणं मुखं तेन मां पाहि नित्यं ।

અસતથી અમને સત્સ્વરૂપમાં લઇ જાઓ, અંધકારથી અમને જ્યોતિ:સ્વરૂપમાં લઇ જાઓ, મૃત્યુથી અમને અમૃત સ્વરૂપમાં લઇ જાઓ. હે સ્વપ્રકાશ! અમારી આગળ પ્રકાશિત થાઓ. રૂદ્ર! તમારા પ્રસન્ન મુખથી અમારું સર્વદા રક્ષણ કરો.

ओं एकमेवाद्वितीयं ।

ध्यानम् ।

ओं भूर्भुवःस्वः तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियोयोनः प्रचोदयात् ।

સર્વલોક પ્રકાશક સર્વવ્યાપી તે પૂર્ણ મંગલ જગત્ પ્રસવિતા પરમ દેવતાના વરણીય જ્ઞાન તથા શક્તિનું ધ્યાન કરું છું જે અમારી બુદ્ધિને પ્રેરણ કરે છે.

स्वाध्यायः ।

ओं ब्रह्मवादिनोवदन्ति । यतोवाइमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत् प्रयन्त्यभिसंविशन्ति । तद्विजिज्ञासस्व तद्ब्रह्म । आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसंविशन्ति । यतोवाचोनिवर्त्तन्ते । अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणोविद्वान् । न बिभेति कुतश्चन । रसो वैसः । रस ह्येवायं लब्ध्वानन्दी भवति । कोह्येवान्यात् कः प्राण्यात् । यदेषआकाशआनन्दोन स्यात् । एषह्येवानंदयाति । यदा ह्येवैषएतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दते । अथ

सोऽभयं गंतोभवति । यतोवाचो निवर्त्तन्ते । अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणोविद्वान् । न बिभेति कदाचन ।

ओं शान्तिः शान्तिः शान्तिः हरिः ओं ।

एषास्य परमा गतिरेषास्य परमा सम्पत् एषोऽस्य परमोलोक एषोऽस्यपरमआनन्दः । एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।

ओं शान्तिः शान्तिः शान्तिः हरिः ओं ।

उपसंहार.

ओं यएकोवर्णा बहुधाशक्तियोगात् वर्णाननेकान्निहितार्थोदधाति विचैति चान्ते विश्वमादौ सदेव सनो बुद्ध्या शुभया संयुनक्तु ॥

જે એક અને વર્ણ વગરનો છે, અને જે પ્રજાનાં પ્રયોજન જાણીને ઘણા પ્રકારની શક્તિના યોગે વિવિધ કામ્ય વસ્તુ આપે છે, આખું બ્રહ્માંડ પ્રથમથી જેનામાં વ્યાપ્ત થઇ રહેલું છે, તે દીપ્યમાન પરમેશ્વર છે, તે અમને શુભ બુદ્ધિ આપે.

ओं एकमेवाद्वितीयं ।

બ્રાહ્મધર્મ.

પ્રથમખંડ.

प्रथमोऽध्यायः

ओं ब्रह्मवादिनोवदन्ति ॥ १ ॥

બ્રહ્મવાદિયો કહે છે.

यतोवाइमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति । यत् प्रयन्त्यभिसंविशन्ति । तद्विजिज्ञासस्व तद्ब्रह्म ॥ २ ॥

જેનાથી સર્વ પ્રાણિયો ઉત્પન્ન થયાં છે, ઉત્પન્ન થઇને જેનાથી જીવતાં રહે છે, અને પ્રલયકાલે જેનામાં પાછાં જાય છે, તેને વિશેષ રૂપથી જાણવાની ઇચ્છા કરો, તે બ્રહ્મ છે.

आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते आनन्देन । जातानि जीवन्ति आनन्दं प्रयन्त्य-

---

૧ શ્વેતાશ્વતરોપનિષત ૧-૧. ૨ તૈતિરીયોપનિષદ ૩-૧.

भिसंविशन्ति ॥ ३ ॥

આનંદસ્વરૂપ પરબ્રહ્મથી સર્વ પ્રાણિયો ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઇને આનંદસ્વરૂપ બ્રહ્મથી જીવતાં રહે છે, અને પ્રલયકાલે આનંદસ્વરૂપ બ્રહ્મમાં પાછા જાય છે.

यतो वाचो निवर्त्तन्ते अप्राप्य मनसा सह ।
आनन्दं ब्रह्मणो विद्वान् नबिभेति कुतश्चन ॥४॥

મનની સાથે વાણી જેને ન પામતાં જેનાથી નિવૃત થાય છે, તે પરબ્રહ્મના આનંદને જાણનાર છે. તે કોઇથી પણ ડરતો નથી.

रसोवैसः । रस ह्येवायंलब्ध्वानन्दीभवति ॥५॥

પરમાત્મા રસસ્વરૂપ તૃપ્તિનું કારણ છે, તે રસસ્વરૂપ પરબ્રહ્મને મેળવ્યાથી જીવ આનંદિત થાય છે.

कोह्येवान्यात् कः प्राण्यात् यदेषआकाशआन्दोनस्यात् । एषह्येवानन्दयाति ॥ ६ ॥

જો આકાશમાં આનંદસ્વરૂપ પરમાત્મા નહોત તો કોણ શરીરની મહેનત કરી શકત? કોણ જીવતા રહી શકત? એજ સર્વેને આનંદ આપે છે.

---

૩ તૈતિરીયોપનિષદ ૩–૬. ૪ તૈતિરીયોપનિષદ ૩–૯.
૫ તૈતિરીયોપનિષદ ૨–૭. ૬ તૈતિરીયોપનિષદ ૨–૭.

यदा ह्येवैषएतस्मिंन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दते । अथसोऽभयं गतोभवति ॥ ७ ॥

જ્યારે સાધક અદૃશ્ય, નિરવયવ, અનિર્વચનીય, નિરાધાર પરબ્રહ્મના ઉપર આધાર રાખે છે, ત્યારે તે અભયને પ્રાપ્ત થાય છે.

यतोवाचोनिवर्तन्ते अप्राप्य मनसा सह ।
आनन्द ब्रह्मणो विद्वान न बिभेति कदाचन॥८॥

મનથી સાથે વાણી જેને ન પામતાં જેનાથી નિવૃત્ત થાય છે, તે પરબ્રહ્મના આનંદને જાણનાર છે. તે કોઇથી પણ ભય કરતો નથી.

एषास्य परमा गतिरेषास्य परमा सम्पदेषोस्यपरमोलोकएषोस्यपरमआनन्दः । एतस्यैवानन्दस्यान्यानिभूतानि मात्रा मुपजीवन्ति ॥९॥

તે જીવની પરમગતિ છે, તે જીવની પરમ સંપદ્ છે, તે પરમ લોક છે, તે પરમ આનંદ છે, તે પરમાનંદના અણુમાત્ર આનંદનો બીજા સર્વ જીવ ઉપભોગ કરે છે.

---

૭ તૈતિરીયોપનિષદ ૨–૭. ૮ તૈતિરીયોપનિષદ ૩–૯.

द्वितीयोऽध्यायः

**इदंवाअग्रे नैव किञ्चिदासीत् । सदेव सौ-
म्येदमग्रआसीदेकमेवाद्वितीयं । सवाएषमहानज
आत्माऽजरोऽमरोऽमृतोऽभयः ॥ १ ॥**

આ જગતમાં પહેલાં કંઇજ નહોતું. આ જગતની ઉત્પત્તિના પહેલાં, હે પ્રિય શિષ્ય! કેવળ એક અદ્વિતીય સત્સ્વરૂપ પરબ્રહ્મ હતો, તે જન્મ વિનાનો મહાન્ આત્મા છે, તે અજર, અમર, નિત્ય અને ભય વગરનો છે.

**सतपोऽतप्यत सतपस्तप्त्वा इदं सर्व्वमसृ-
जत यदिदं किञ्च ॥ २ ॥**

તેણે જગત રચવાનો વિચાર કર્યાથીજ આ સર્વ ઉત્પન્ન થયું.

**एतस्माज्जायते प्राणोमनः सर्व्वेन्द्रियाणि च ।
खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी३**

એનાથી પ્રાણ, મન, અને સર્વ ઇન્દ્રિયો, અને આકાશ, વાયુ, જ્યોતિ, પાણી, તથા સર્વનો આધાર

---

૧ છાન્દોગ્ય ઉપનિષત ૫-૨-૧.

૩ મુણ્ડકોપનિષત ૧-૩.

આ પૃથ્વી, ઉત્પન્ન થયાં છે.

भयादस्याग्निस्तपति भयात्तपति सूर्य्यः ।
भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥४॥

એના ભયથી અગ્નિ બળે છે, એના ભયથી સૂર્ય તપે છે, એના ભયથી મેઘ, વાયુ અને મૃત્યુ દોડે છે.

तृतीयोऽध्यायः

तद्विज्ञानार्थं स गुरुमेवाभि गच्छेत् । तस्मै सविद्वानुपसन्नाय सम्यक् प्रशान्तचित्ताय शमान्विताय येनाक्षरं पुरुषं वेदसत्यं प्रोवाच तां तत्त्वतोब्रह्मविद्यां ॥ १ ॥

પરબ્રહ્મનું વિશેષ જ્ઞાન મેળવવાને માટે આચાર્યની પાસે શિષ્યે જવું જોઇયે. જ્ઞાનવાન્ આચાર્યે આવેલા શિષ્યને સારો શાંત શમાન્વિત ચિત્તવાળો જોઇને જે વિદ્યાથી અવિનાશી સત્ય પુરુષને જાણવામાં આવે તેનો ઉપદેશ આપવો.

अपरा ऋग्वेदोयजुर्व्वेदः सामवेदोऽथर्व्ववेदः

---

૪ કઠોપનિષત્ ૬-૩. ૧ મુણ્ડકોપનિષત્ ૧-૨-૧૨, ૧૩.

शिक्षा कल्पोव्याकरणं निरुक्तं छन्दोज्योतिषमिति । अथ परा यया तदक्षरमधिगम्यते ॥२॥

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂત, છંદ, જયોતિષ, એ સર્વ અશ્રેષ્ઠ વિદ્યા છે. જેનાથી અવિનાશી પુરુષને જાણવામાં આવે છે તેજ શ્રેષ્ટ વિદ્યા છે.

यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुः श्रोत्रं तदपाणिपादं नित्यं विभुं सर्व्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः ॥३॥

જે અદસ્ય, અગ્રાહ્ય, જન્મરહિત, રૂપવિહીન, આંખ કાંન વિનાનો, હાથ પગ વગરનો, જન્મ મૃત્યુ વર્જિત, સર્વવ્યાપી, સર્વગત, ઘણો સૂક્ષ્મ -હ્રાસ રહિત, સર્વ પ્રાણિનું કારણ, પરબ્રહ્મ છે; તેને ધીર મનુષ્યો સર્વ જગાપર જુવે છે.

एतद्वै तदक्षरं गार्गि ब्राह्मणाअभिवदन्ति । अस्थूलमनणव-ह्रस्वमदीर्घमलोहितमस्नेहमच्छायमतमोऽवाय्वनाकाशमसङ्गमरसमगन्धमचक्षुष्कमश्रोत्रमवागमनोऽतेजस्कमप्राणममुखममात्रं४

---

२ મુણ્ડકોપનિષત્ १–५. ३ મુણ્ડકોપનિષત્ १–१६.

४ વૃહદારણ્યકોપનિષત્ ४–८–७.

હે ગાર્ગિ! બ્રાહ્મણો જેની પૂજા કરે છે, તે અવિનાશી બ્રહ્મ છે, તે મોટો નથી, નાનો નથી, ટૂંકો નથી, લાંબો નથી; તે અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમ, અવાયુ, અનાકાશ, અસંગ, અરસ, અગંધ, અચક્ષુ, અકર્ણ, અવાક્ છે. તે મન વગરનો, તેજ વિનાનો, શારીરિક પ્રાણ વગરનો, મુખ વગરનો છે, કોઇ સાથે તેની તુલના થઇ શકતી નથી.

एतस्य वा अक्षरस्य प्रशासनगार्गि ।
सूर्य्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः ॥ ५ ॥

આ અવિનાશી પુરુષના શાસનથી હે ગાર્ગિ! સૂર્ય ચંદ્ર અવલંબન કરીને રહેલા છે.

एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि !
द्यावापृथिव्यौ विधृते तिष्ठतः ॥ ६ ॥

આ અવિનાશી પુરુષના શાસનથી હે ગાર્ગિ! ધુલોક અને ભૂલોક અવલંબન કરીને રહેલાં છે.

एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि निमेषा मुहूर्त्ता अहोरात्राण्यर्द्धमासामासाऋतवः संवत्सराइति विधृतास्तिष्ठन्ति ॥ ७ ॥

---

૫ બૃહદારણ્યકોપનિષત્ ૪-૮-૮. ૬ બૃહદારણ્યકોપનિષત્ ૪-૮-૯. ૭ બૃહદારણ્યકોપનિષત્ ૪-૯-૧૦.

આ અવિનાશી પુરુષના શાસનથી હે ગાર્ગિ! પળ, મુહૂર્ત, રાત્રિ, દિવસ, પખવાડિયાં, મહિના, ઋતુ, સંવત્સર, સર્વ અવલંબન કરીને રહેલાં છે.

एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि प्राच्योन्यानद्यः स्यन्दन्ते श्वेतेभ्यः पर्वतेभ्यः प्रतीच्योन्याः ॥ ८ ॥

આ અવિનાશી પુરુષના શાસનથી હે ગાર્ગિ! ઘણી પૂર્વ તરફથી, અને પશ્ચિમ તરફથી નદિયો શ્વેત પર્વતોમાંથી નિકળે છે.

योवा एतदक्षरं गार्ग्य विदित्वोऽस्मिन् लोके जुहोति यजते तपस्तप्यते बहूनि वर्षसहस्राण्यन्तवदेवास्य तद्भवति ॥ ९ ॥

હે ગાર્ગિ! આ અવિનાશી પરમેશ્વરને જાણ્યા વિના કોઇ હજારો વર્ષ આલોકમાં હોમ યાગ તપસ્યા કરે, તથાપિ તે સ્થાયી ફલને પ્રાપ્ત કરતો નથી.

योव एतदक्षरं गार्ग्यविदित्वास्माल्लोकात् प्रैति स कृपणः । अथ यएतदक्षरं गार्गि विदित्वा स्माल्लोकात् प्रैतिस ब्राह्मणः ॥ १० ॥

---

૮ બૃહદારણ્યકોપનિષત્ ૪–૯–૧૦. ૯ બૃહદારણ્યકોપનિષત્ ૪–૯–૧૧. ૧૦ બૃહદારણ્યકોપનિષત્ ૪–૯–૧૨.

હે ગાર્ગિ! જે માણસ અવિનાશી પરમેશ્વરને ન જાણતાં આલોકમાંથી જતો રહે છે, તે કૃપા પાત્ર અતિ દીન છે, અને જે અવિનાશી પરમેશ્વરને જાણીને આલોકમાંથી જાયછે તે બ્રાહ્મણ છે.

तद्वाएतदक्षरं गार्ग्यदृष्टं द्रष्ट्रश्रुतं श्रोत्रमतं मन्त्रविज्ञातं विज्ञात्रेतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाशओतश्च प्रोतश्च ॥ ११ ॥

હે ગાર્ગિ! અવિનાશી પુરુષને કોઇ જોઇ શકતા નથી, પરંતુ તે સર્વને જુવેછે, કોઇ તેને બોલતાં સાંભળી શકતા નથી, પરંતુ તે સર્વને બોલતાં સાંભળે છે; કોઇ તેના મનનું મનન કરવાને સમર્થ થઇ શકતા નથી, પરંતુ તે સર્વના મનનું મનન કરે છે; કોઇ તેને જાણી શકતા નથી, પરંતુ તે સર્વને જાણે છે. હે ગાર્ગિ! આકાશ આ અવિનાશી પરમેશ્વરથી ઓતપ્રોત ભાવથી વ્યાપ્ત થઇ રહેલું છે.

भीषाऽस्माद्वातः पवते भीषोदेति सूर्य्यः ।
भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावतिपञ्चमः ॥१२

એના ભયથી વાયુ પ્રવાહિત થાયછે, એના ભયથી સૂર્ય ઉદય થાય છે, એના ભયથી અગ્નિ, મેઘ

---

૧૧ બૃહદારણ્યકોપનિષત્ ૪-૯-૧૩. ૧૨ તૈત્તિરીયોપનિષત્ ૨-૮.

તથા મૃત્યુ ધાવિત થાય છે.

यदिदं किञ्च जगत् सर्व्वं प्राणएजाति निःसृतं । महद्भयं वज्रमुद्यतं यएतद्विदुरमृतास्तेभवन्ति१३

પ્રાણસ્વરૂપ પરમેશ્વરથી જગત્ ઉત્પન્ન થઈને આ સર્વ બ્રહ્માંડ યથા-નિર્દિષ્ટ નિયમથી પ્રવર્તિત થાય છે. તે ઉદ્યત વિજળીના જેવો મહાભયાનક છે. જે એને જાણેછે, તે અમર થાયછે.

चतुर्थोऽध्यायः

श्रोत्रस्य श्रोत्रं मनसोमनोयद्वाचोह वाचं सउ प्राणस्य प्राणश्चक्षुषश्चक्षुः ॥ १ ॥

તે કાનનો કાન, મનનું મન, વાક્યનું વાક્ય, પ્રાણનો પ્રાણ, અને આંખની આંખ છે.

न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नोमनो न विद्मोन विजानीमोयथैतदनुशिष्यादन्य देवतद्विदितादथो अविदितदधि । इति शुश्रुम पूर्व्वेषां ये नस्तद्व्याचचक्षिरे ॥ २ ॥

---

१३ કઠોપનિષત્ ૬-૨. ૧ તલવકારોપનિષદ ૨.

૨ તલવકારોપનિષદ ૩.

તે આંખથી જણાતો નથી, વાક્યથી જણાતો નથી, અને મનથી પણ જાણી શકાતો નથી. અમે તેના વિષય કંઇ પણ વિશેષ જાણતા નથી; અને એ પણ નથી કે કીરીતે તેનો ઉપદેશ આપવો જોઇએ. તે જાણેલી અને અજાણી સર્વ વસ્તુથી જુદો છે. જે કંઇ પૂર્વ આચાર્યોએ અમને બ્રહ્મ વિશે કહ્યું છે તે-ઓની પાસેથી આવું સાંભળ્યુ છે.

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥३॥

જે વાકયનો વચનીય નથી, વાકય જેનાથી પ્ર-રિત થાયછે, તેને તમે બ્રહ્મ જાણો, લોકો જે કંઇ પરિમિત પદાર્થની ઉપાસના કરેછે તે કદાપિ બ્રહ્મ નથી.

यन्मनसा न मनुते येनाहुर्म्मनोमतं ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥४॥

લોકો મનદ્વારા જેનું મનન કરી શકતા નથી, જે મનના પ્રત્યેક મનનને જાણે છે, તેને તમે બ્રહ્મ જાણો, લોકો જે કંઇ પરિમિત પદાર્થની ઉપાસના કરે છે તે કદાપિ બ્રહ્મ નથી.

यदि मन्यसे सुवेदेति दभ्रमेवापि नूनं त्वं

---

૩ તલવકારોપનિષદ ૪. ૪ તલવકારોપનિષત્ ૫.

वेत्थ ब्रह्मणोरूपं ॥ ५ ॥

જો એવું મનમાં લાવો કે, મેં બ્રહ્મને સુંદર-રૂપથી જાણ્યો છે, તો નિશ્ચય તમે બ્રહ્મના સ્વરૂપને ઘણુંજ થોડું જાણ્યું છે.

नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च ।
योनस्तद्वेद तद्वेद नो न वेदेति वेद च ॥६॥

મેં બ્રહ્મને સુંદર રૂપે જાણ્યો છે, એવું હું મનમાં લાવતો નથી. હું બ્રહ્મને જાણતો નથી એમ પણ નથી. જાણુંછું એમ પણ નથી. "હું બ્રહ્મને જાણ-તો નથી એમ પણ નથી, જાણુંછું એમ પણ નથી." આ વાક્યનો મર્મ જે અમારામાંથી જાણે છે તેજ તેને જાણે છે.

यस्यामतं तस्य मतं मतं यस्य न वेदसः ।
अविज्ञातं विजानतां विज्ञातमं विजानतां ॥७॥

જેનો એવી રીતનો નિશ્ચય હોય છે કે હું બ્રહ્મ-ના સ્વરૂપને જાણતો નથી, તેણેજ બ્રહ્મને જાણ્યો છે; અને જેનો એવો નિશ્ચય થયો છે કે હું બ્રહ્મના સ્વરૂપને જાણું છું, તેણે બ્રહ્મને જાણ્યો નથી. ઉત્તમ

---

૫ તલવકારોપનિષત્ ૯. ૬ તલવકારોપનિષત્ ૧૦.
૭ તલવકારોપનિષત્ ૧૧.

જ્ઞાનવાન્નો વિશ્વાસ એવો હોય છે કે હું બ્રહ્મના સ્વરૂપને જાણતો નથી; જે માણસ જેવો જોઇએ તેવો જ્ઞાનવાન્ નથી તેનો એવો વિશ્વાસ હોય છે કે હું બ્રહ્મના સ્વરૂપને જાણું છું.

इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः। भूतेषु भूतेषु विचिन्त्य धीराः प्रेत्यास्माल्लोकादमृताभवन्ति ॥ ८ ॥

અહિંયાં તેને જાણ્યાથી જન્મનું સાર્થક થાય છે, ન જાણ્યાથી મહાન્ અનર્થ થાયછે. એટલા માટે ધીર મનુષ્યો સ્થાવર જંગમ સર્વ વસ્તુમાં એક માત્ર પરમેશ્વરને જોઇને આલોકમાંથી જઇને અમર થાય છે.

पञ्चमोऽध्यायः

ईशावास्यमिदं सर्व्वं यत्किञ्च जगत्यां जगत्। तेन त्यक्तेन भुञ्जिथामागृधः कस्यस्विद्धनं ॥१॥

આ બ્રહ્માંડની અંદર જે કંઇ પદાર્થ છે, તે સર્વ પરમેશ્વરના દ્વારા વ્યાપ્ત છે. પાપચિંતા અને વિષયલાલસા પરિત્યાગ કરીને બ્રહ્માનંદનો ઉપભોગ કરો.

---

૮ તલવકારોપનિષત્ ૧૩. ૧ ઈશોપનિષત્ ૧.

કોઇના ધનનો લોભ કરશો નહિ.

अनेजदेकं मनसोजवीयो नैनद्देवा अप्नुवन् पूर्व्वमर्षत् । तद्धावतोऽन्यानत्येति तिष्ठत्तस्मिन्न पो मातरिश्वा दधाति ॥ २ ॥

પરબ્રહ્મ એકમાત્ર છે. તે અચલ તોપણ મનથી વેગવાન્ છે; ઇન્દ્રિયો તે અગ્રગામી પરબ્રહ્મને પ્રાપ્ત કરી લેતી નથી. તે સ્થિર રહીને એ દ્રુતગામી મન અને ઇન્દ્રિયોનો અતિક્રમ કરીને ગમન કરે છે. તેનાથી વાયુ પ્રાણિયોમાં દેહની ચેષ્ટા કરે છે.

तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्व्वस्य तदु सर्व्वस्यास्य बाह्यतः॥३॥

તે ચાલે છે, તે ચાલતો પણ નથી. તે દૂર છે, તે પાસે પણ છે. તે સઘળાનાં અંતરમાં છે અને વળી તે સઘળાની બહાર પણ છે.

यस्तु सर्व्वाणि भूतान्यात्मन्ये वा नुपश्यति ।
सर्वभूतेषु चात्मानन्ततो न विजुगुप्सते ॥ ४ ॥

જે પરમાત્મામાં સર્વ વસ્તુને જુવે છે, અને સર્વ વસ્તુમાં પરમાત્માની સત્તા જુવે છે, તે કોઇની અવજ્ઞા કરતો નથી.

---

૨ ઈશોપનિષત્ ૪. ૩ ઇશોપનિષત્ ૫. ૪ ઈશોપનિષત્ ૬.

सपर्य्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्ध-मपापविद्धं । कविर्म्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ५

તે સર્વ વ્યાપી, નિર્મલ, નિરવયવ, શિરા તથા વ્રણ રહિત, શુદ્ધ અપાપવિદ્ધ, સર્વદર્શી, મનનો નિયંતા, સર્વનો શ્રેષ્ઠ, સ્વપ્રકાશ, અને સર્વ કાળે પ્રજાને યથોપયુક્ત અર્થ આપે છે.

षष्ठोऽध्यायः

तपसा ब्रह्म विजिज्ञासस्व । ब्रह्मविदाप्नोति परं ॥ १ ॥

એકાગ્રચિત્ત વાળા થઇને બ્રહ્મને જાણવાની ઇચ્છા કરો. બ્રહ્મજ્ઞાની બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

सत्यं ज्ञानमनन्त ब्रह्म योवेद निहितं गुहायां परमे व्योमन् । सोऽश्नुते सर्व्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ॥ २ ॥

જે સત્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, અનંત સ્વરૂપ, બ્રહ્મને પોતાના શરીરના પરમાકાશમાં આત્મસ્થ ક-

---

૫ ઈશોપનિષત્ ૮. ૨ તૈતિરીયોપનિષત્ ૨–૧-

રીતે સમજે છે, તે સર્વજ્ઞ પરમેશ્વરની સાથે સર્વ કામનાનો ઉપભોગ કરે છે.

यः सर्वज्ञः सर्ववित् यस्यैष महिमा भुवि दिव्ये। तद्विज्ञानेन परिपश्यन्ति धीरा आनन्द-रूपममृतं यद्विभाति ॥ ३ ॥

જે સામાન્યરૂપથી અને વિશેષ-રૂપથી સર્વ વસ્તુ જાણે છે, ભૂલોકમાં તથા દ્યુલોકમાં જેનો મહિમા છે, જે આનંદરૂપથી, અમૃતરૂપથી પ્રકાશિત છે, તેને જ્ઞાનદ્વારા ધીર મનુષ્યો સર્વત્ર જુવે છે.

**हिरण्यमये परे कोषे विरजं ब्रह्म निष्कलं ।
तच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद्यदात्मविदोविदुः४**

જેઓ પોતાના આત્માને જાણે છે, તેઓ આ-ત્મારૂપઉજ્જવલ તથા શ્રેષ્ઠ કોષમાં નિર્મલ, નિરવયવ, જ્યોતિના જ્યોતિ, શુભ્ર પરમાત્માને ઉપલબ્ધ કરે છે.

न तत्र सूर्योभाति न चन्द्रतारकं नेमाविद्युतो भान्तिकुतोयमग्निः। तमवे भान्तमनुभाति सर्व्वं तस्य भासा सर्व्वमिदं विभाति ॥ ५ ॥

સૂર્ય તેને પ્રકાશ કરી શકતો નથી, ચંદ્ર તારા તેને પ્રકાશ કરી શકતા નથી, અને વિજળી પણ તે-

---

૫ કઠોપનિષત્ ૫-૧૫.

ને પ્રકાશ કરી શકતી નથી, ત્યારે અગ્નિ તેને કેવી રીતે પ્રકાશ કરી શકશે. આખું જગત દીપ્યમાન પરમેશ્વરના પ્રકાશથી પ્રકાશિત થઇને દીપ્તિમાન થાય છે. અનંત જગત્ તેના પ્રકાશથી પ્રકાશિત થાય છે.

प्राणोह्येषयः सर्व्वभूतैर्विभाति विजानन् विद्वान् भवते नातिवादि । आत्मक्रीडआत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः ॥ ६ ॥

એ પ્રાણસ્વરૂપ છે. એ સર્વ ભૂતમાં પ્રકાશ આપે છે; જ્ઞાની મનુષ્ય એનો પરિત્યાગ કરીને કંઇ વાત કહેતા નથી, એ પરમાત્મામાં રમે છે એ પરમાત્મામાં રમણ કરે છે, અને સત્કર્મશીલ થાય છે. એ બ્રહ્મોપાસકોમાં સર્વથી શ્રેષ્ઠ છે.

बृहच्च तद्दिव्यमचिन्त्यरूपं सूक्ष्माच्च तत् सूक्ष्मतरं विभाति । दूरात् सुदूरे तदिहान्तिके च पश्यत्स्विहैवनिहितं गुहायां ॥ ७ ॥

તે મહત્, પ્રકાશવાન્, અચિંત્યસ્વરૂપ, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે, તે દૂરથી પણ ઘણો દૂર છે, અને તે પાસેથી પણ ઘણો પાસે છે. તે અહિંયાંના બુદ્ધિમાન્ આત્મામાં રહેલો છે.

---

૬ મુણ્ડકોપનિષત્ ૩-૪. ૭ મુણ્ડકોપનિષત ૭-૭.

न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवै-स्तपसा कर्म्मणा वा । ज्ञानप्रसादेन विशुद्धसत्त्व-स्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ॥ ८ ॥

તે ચક્ષુથી ગ્રાહ્ય નથી, વાક્યથી ગ્રાહ્ય નથી, અને બીજી ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી; તપસ્યા તથા યજ્ઞાદિ કર્મથી તે મળી શકતો નથી. જ્ઞાન શુદ્ધિથી શુદ્ધસત્વ મનુષ્ય ધ્યાનયુક્ત થઇને નિરવયવ બ્રહ્મને ઉપલબ્ધ કરે છે.

सप्तमोऽध्यायः

तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमञ्च दैवतं । पतिं पतीनां परमं परस्तात् विदाम देवं भुवनेशमीड्यं ॥ १ ॥

સર્વ ઇશ્વરમાં જે પરમમહેશ્વર છે, સર્વ દેવતામાં જે પરમદેવતા છે, સર્વ પતિમાં જે પતિ છે, તે પરાત્પર, પ્રકાશવાન, અને સ્તવનીય ભુવનેશ્વરને અમે જાણિયે.

न तस्य कार्य्यं करणञ्च विद्यते न तत्स-

---

૮ મુણ્ડકોપનિષત ૩-૮. ૧ શ્વેતાશ્વતરોપનિષદ ૬-૭.

मश्चाभ्यधिकश्चदृश्यते । पराऽस्य शक्तिर्विविधैव श्रूयतेस्वाभाविकी ज्ञानबलक्रिया च ॥ २ ॥

તેને શરીર તથા ઇન્દ્રિયો નથી, અને કોઇને પણ તેના જેવો અથવા કોઇને પણ તેનાથી શ્રેષ્ઠ જોવામાં આવતો નથી; એની વિચિત્ર શક્તિ તથા મહાશક્તિ સર્વત્ર સંભળાય છે અને તેની જ્ઞાન તથા બળ–ક્રિયા સ્વાભાવિક છે.

नतस्य कश्चित्पतिरस्तिलोके नचेशिता नैव च तस्यलिङ्गं । स कारणं करणाधिपाधिपोनचास्य कश्चिज्जनिता न चाधिपः ॥ ३ ॥

જગત્માં તેનો કોઇ પતિ નથી, તેમ નિયંતા પણ નથી, અને તેના કાંઇ અવયવ નથી. તે સર્વનું કારણ તથા મનનો અધિપતિ છે; એનો કોઇ પિતા નથી, તેમ અધિપતિ પણ નથી,

एषदेवोविश्वकर्मा महात्मा सदा जनानां हृदये सन्निविष्टः । हृदा मनीषा मनसाभिक्लृप्तोयएतद्विदुरमृतास्ते भवन्ति ॥ ४ ॥

પરમેશ્વર વિશ્વકર્મા અને મહાત્મા છે. એ લોકો-

---

૨ શ્વેતાશ્વતરોપનિષદ ૬–૮. ૩ શ્વેતાશ્વતરોપનિષદ ૬–૯.
૪ શ્વેતાશ્વતરોપનિષદ ૪–૧૭.

ના હૃદયમાં સર્વદા ઉત્તમરૂપથી રહેછે, અને હૃદયની સંશયરહિત બુદ્ધિ જોયાથી એ પ્રકાશિત થાય છે; જેઓ એને જાણે છે તેઓ અમર થાય છે.

तन्दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणं । अध्यात्मयोगाधिगमेन देवं मत्त्वा धीरोहर्षशोकौ जहाति ॥ ५ ॥

તે દુર્જ્ઞેય છે, તે સઘળી વસ્તુમાં ગૂઢ રૂપથી પ્રવિષ્ટ છે. તે આત્મામાં રહે છે, તથા અતિ સંકીર્ણ-સ્થાનમાં રહે છે, અને તે નિત્ય છે. ધીર મનુષ્ય અધ્યાત્મ યોગવડે તે પરમ દેવતાને જાણીને હર્ષ શોકથી મુક્ત થાય છે.

प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुरुत श्रोत्रस्य श्रोत्रं मनसोये मनोविदुः । ते निचिक्युर्ब्रह्म पुराणमग्र्यं ॥ ६ ॥

જેઓ નિશ્ચય પુરાતન સર્વથી શ્રેષ્ઠ પરબ્રહ્મને જાણે છે, તેઓ તેને પ્રાણનો પ્રાણ, આંખની આંખ, કાનનો કાન, અને મનનું મન સમજે છે.

एकधैवानुद्रष्टव्यमेतदप्रमेयं ध्रुवम् । विरजः

---

૫ કઠોપનિષત્ ૨-૧૨.

૬ વૃહદારણ્યકોપનિષત ૪-૪-૧૮,

परआकाशादजआत्मामहानुध्रवः ॥ ७ ॥

પરમેશ્વરને એકજ સમજવો. એ ઉપમા વગરનો અને નિત્યછે. જન્મરહિત મહાન્ આત્મા, આકાશથી અતીત સર્વ કરતાં મહાન્ અને અવિનાશી છે.

यस्मादर्वाक् संवत्सरोऽहोभिः परिवर्त्तते ।
तद्देवाज्योतिषां ज्योतिरायुर्ह्योपासतेमृतं ॥ ८ ॥

જેના શાસનથી રાત્રિદિવસ દ્વારા સંવત્સર ફરેછે, તે જ્યોતિના જ્યોતિ, અમૃત અને સર્વના આયુષ્યનું કારણ પરબ્રહ્મની દેવતા નિત્ય ઉપાસના કરે છે.

सर्व्वस्य वशी सर्व्वस्येशानः सर्व्वस्याधिपतिः । सनस्साधुनाकर्म्मणा भूयान् नो एव असाधुना कण यान् ॥ ९ ॥

સર્વ તેના વંશમાં છે, તે સર્વનો નિયન્તા અને સર્વનો અધિપતિ છે. સાધુ કર્મથી તેની વૃદ્ધિ થતી નથી અને અસાધુ કર્મથી પણ તેનો ક્ષય થતો નથી.

एष सर्व्वेश्वर एषभूताधिपतिरेषभूतपालः ।
एष सेतुर्विधरण एषां लोकानामसम्भेदाय ॥१०॥

એ સર્વનો ઈશ્વર છે, એ સર્વ વસ્તુનો અધિપ-

---

૭ વૃહદારણ્યકોપનિષત ૪-૪-૨૦.

૮ વૃહદારણ્યકોપનિષત્ ૪-૪-૧૬.

તિ છે, એ સર્વ ભૂતનો પ્રતિપાલક છે, એ લોક ભં-
ગ નિવારણાને માટે સેતુ સ્વરૂપ થઇને સઘળું ધા-
રણ કરે છે.

यस्मिन् द्यौः पृथिवी चान्तरीक्षमोतं मनः सह प्राणैश्च सर्व्वैः । तमेवैकं जानथ आत्मानमन्यावाचोविमुञ्चथ अमृतस्यैष सेतुः ॥११॥

એમાં ઘુલોક, પૃથ્વી, અન્તરીક્ષ, મન, અને ઇન્દ્રિય સર્વ આશ્રિત થઇ રહેલાં છે. તે અદ્વિતીય પરમાત્માને જાણો અને બીજાં વાક્યોનો પરિત્યાગ કરો. એ અમૃતનો સેતુ છે.

न जायते म्रियते वा विपश्चिन्नायं
कुतश्चिन्न बभूव कश्चित् ॥ १२ ॥

પરમાત્માનો જન્મ નથી, મૃત્યુ પણ નથી, એ સર્વજ્ઞછે. એ કોઇ કારણથી ઉત્પન્ન થતો નથી, અને પોતે પણ બીજી કંઇ વસ્તુ થઇ જતો નથી.

यदर्चिमदूयदणुभ्योऽणु यस्मिन् लोकानिहिता लोकिनश्च । तदेतत् सत्यं तदमृतं तत् वेद्धव्यं सौम्य विद्धि ॥ १३ ॥

જે જ્યોતિર્મય છે, જે અણુથી પણ સૂક્ષ્મતર

---

૧૧ મુણ્ડકોપનિષત ૨–૨–૫. ૧૩ મુણ્ડકોપનિષત ૨–૨.

છે, અને જેમાં સર્વ લોકનિવાસ જીવો સ્થાપિત છે, તેજ સત્ય છે, તેજ અમૃત, તે આત્માના દ્વારા વેધનીય છે. એટલા માટે હે પ્રિય શિષ્ય તમારા આત્માથી તેને વિદ્ધ કરો.

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्य मुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥१४॥

પ્રણવ ધનુષ છે, આત્મા શર છે, બ્રહ્મ તેનો લક્ષ્ય કહેવામાં આવ્યો છે. સાવધાન થઇને તેને વીંધો અને શરની પેઠે તન્મય થાઓ.

समे शुचौ वह्निवालुकाविवर्जित शब्दजलाश्रयादिभिः । मनोऽनुकूले न तु चक्षुपीडने-गुहानिवाश्रयणेप्रयोजयेत् ॥ १५ ॥

એક સરખી, શુદ્ધ, અગ્નિ અને રેતી વિનાની, શબ્દ, પાણી અને મંડપાદિ વાળી જગામાં અથવા જે મનને અનુકૂલ લાગે અને આંખને પીડાદાયક ન હોય એવી નિવાત ગુફામાં ચિત્તને પરમાત્મામાં લગાડવું.

त्रिरुन्नतं स्थाप्य समं शरीरं हृदीन्द्रियाणि मनसा सन्निवेश्य । ब्रह्मोडुपेन प्रतरेत वि-

૧૪ મુણ્ડકોપનિષત્ ૨-૩. ૧૫ શ્વેતાશ્વતરોપનિષત્ ૨-૧૦.

द्वान् स्रोतांसि सर्व्वाणिं भयावहानि ॥१६॥

બક્ષ, ગ્રીવા અને માથું, એ ત્રણને ઉઠાવીને, શરીરને સરખું રાખીને, મનની સાથે ઇન્દ્રિયોને હૃદયમાં સન્નિવિષ્ટ કરીને, બ્રહ્મરૂપ ઉડુપ દ્વારા વિદ્વાન્ પુરુષ સઘળી સાંસારિક વાસના અને ચિંતારૂપી ભયાનક નદીથી ઉતરી જાય છે.

अष्टमोऽध्यायः

विश्वतश्चक्षुरुत विश्वतोमुखोविश्वतोबाहुरुत विश्वतस्पात् । संबाहुभ्यां धमति सम्पतत्रैर्द्यावाभूमीजनयन्देवएकः ॥ १ ॥

સર્વત્ર તેની આંખ છે, સર્વત્ર તેનું મુખ છે, સર્વત્ર તેના હાથ છે, સર્વત્ર તેના પગ છે. માણસોને તેણે હાથ આપ્યા છે, અને પક્ષીને પાંખ લગાડી છે. અદ્વિતીય પરમેશ્વરે આ લોક અને ભૂલોકની સૃષ્ટિ કરી છે.

सर्व्वतः पाणिपादन्तत् सर्व्वतोऽक्षिशिरोमुखं ।

---

૧૬ શ્વેતાશ્વતરોપનિષત્ ૨-૮.

૧ શ્વેતાશ્વતરોપનિષદ્ ૩-૩.

सर्व्वतः श्रुतिमल्लोके सर्व्वमावृत्यतिष्ठति ॥२॥

તેના હાથ પગ સર્વત્ર છે, તેના આંખ શિર અને મુખ સર્વત્ર છે, તેના કાન સર્વત્ર છે. તે સર્વ જગતમાં વ્યાપીને રહેલો છે.

सर्व्वाननशिरोग्रीवः सर्व्वभूतगुहाशयः ।
सर्व्वव्यापी सभगवान्तस्मात्सर्व्वगतःशिवः॥३

તેનુ મુખ, શિર, અને ગ્રીવા સર્વત્ર છે, સર્વ પ્રાણિયોના આત્મામાં તેની જગા છે, તે ભગવાન્ સર્વવ્યાપી છે, એ કારણથી તેનું સર્વત્ર પહોંચવું છે. અને તે મંગલમય છે.

अपाणिपादो जवनोगृहीतापश्यत्य चक्षुः स श्रुणोत्यकर्णः । स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तं ॥ ४ ॥

તેને હાથ પગ નથી, તોપણ તે ગમન કરે છે અને ગ્રહણ કરે છે; આંખ નથી, તોપણ જુવે છે; કાન નથી તથાપિ સાંભળે છે. જાણવા યોગ્ય જે કંઇ છે તે સર્વ જાણે છે, પરંતુ તેને જાણવાવાળો કોઇપણ નથી. તે પુરુષને સર્વથી આદિ અને મહાન્ કહે છે.

---

૨ શ્વેતાશ્વતરોપનિષદ ૩-૧૬. ૩ શ્વેતાશ્વતરોપનિષદ૩-૧૧.
૪ શ્વેતાશ્વતરોપનિષદ ૩-૧૯.

**य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषोनिर्मिमाणः।
तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते।
तस्मिँल्लोकाः श्रिताः सर्व्वे तदुनात्योति कश्चन॥५**

જીવના ઊંઘ્યા પછી જે પુરુષ જાગેલો રહે છે, અને તેની સર્વ કામ્ય વસ્તુને બનાવે છે, તેજ પરિશુદ્ધ બ્રહ્મ છે તેને અમૃત કહે છે. તેનામાં સર્વ લોક આશ્રિત છે. તેને કોઇ અતિક્રમ કરી શકતા નથી.

अणोरणीयात् महतोमहीयानात्मा गुहायां निहितोऽस्य जन्तोः। तमक्रतुं पश्यति वीतशोकोधातुः प्रसादान्महिमानमात्मनः ॥ ६ ॥

નાનાથી તે નાનો છે, મોટાથી મોટો છે, આ જીવના અન્તઃકરણમાં તે રહેલો છે. તે પરમાત્માના મહિમાને તે વિધાતા પુરુષની કૃપાથી કામના શૂન્ય વીતશોક પુરુષ જુવે છે.

एकोवशी सर्व्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति। तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषां ॥ ७ ॥

એક સર્વને વશમાં રાખવવાળો પરમેશ્વર સર્વ

---

૫ કઠોપનિષત્ ૫-૮. ૬ કઠોપનિષત ૨-૨૦.
૭ કઠોપનિષત્ ૫-૧૨.

ભૂતોનો અંતરાત્મા છે. જે એક રૂપને ઘણા પ્રકારથી ફેરવે છે, તે જે ધીર પુરુષ આત્મામાં જુવે છે, તેઓને નિત્ય સુખ થાય છે. બીજાને થતું નથી.

नित्योऽनित्यानां चेतनश्चेतना नामेको बहूनां योविदधातिकामान् । तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषां ॥ ८ ॥

જે સર્વ અનિત્ય વસ્તુમાં કેવળ એક માત્ર નિત્ય છે, જે સર્વ ચેતનાનો કેવળ ચેતિયિતા છે, જે એકલો બધાની કામ્ય વસ્તુ આપે છે તેને ધીર મનુષ્ય પોતાના આત્મામાં સાક્ષાત્ જુવે છે, તેને નિત્ય શાંતિ થાય છે બીજાને તે કદાપિ થતી નથી.

यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रन्थयः ।
अथमर्त्योऽमृतो भवत्ये तावदनुशासनं ॥९॥

જે વેળાએ અહિંયાં હૃદયની ગાંઠી તુટી જાય છે તે વેળાએજ જીવ અમર થાય છે. એટલોજ ઉપદેશ જાણવો.

---

૮ કઠોપનિષત્ ૫–૧૩. ૯ કઠોપનિષત્ ૬–૧૫.

नवमोऽध्यायः

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वात्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥ १ ॥

બે સુંદર પક્ષી એક ઝાડને અવલંબન કરીને રહેલા છે, તેઓ સર્વદા એકઠા રહે છે અને બંને પરસ્પરના બંધુ છે; તેમાંથી એક સુખની સાથે ફલ ખાય છે અને બીજો ઉપવાસ કરીને કેવળ જોતો બેઠો છે.

समानेवृक्षे पुरुषोनिमग्नोऽनीशया शोचति मुह्यमानः । जुष्टंयदापश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥ २ ॥

સમાન વૃક્ષસ્થ પુરુષ મોહમાં નિમગ્ન થઇને અનીશ્વરત્વના કારણથી શોક કરે છે. પણ જ્યારે તે બીજો પુરુષ અર્થાત્ સેવિત ઈશ્વર અને તેના મહિમાને જુવે છે ત્યારે શોક રહિત થઇ જાય છે.

यदा पश्यते रुक्मवर्णं कर्त्तारमीशं पुरुषं ब्रह्मयोनिं । तदा विद्वान् पुण्यपापे विधूय निरंजनः परमं साम्यमुपैति । महान्तं विभुमा-

---

૧ શ્વેતાશ્વતરોપનિષદ ૪-૬. ૨ શ્વેતાશ્વતરોપનિષદ ૪-૭.

त्मानं मत्वा धीरो न शोचति ॥ ३ ॥

જ્યારે જ્ઞાનવાન્ સાધક સ્વપ્રકાશ, વિશ્વના કર્ત્તા, નિયંતા અને કારણસ્વરૂપ, પૂર્ણ બ્રહ્મને જુવે છે, ત્યારે તે પુણ્ય પાપનો પરિત્યાગ કરીને નિર્લિપ્ત થઇને, પરમ કલ્યાણને પ્રાપ્ત થાય છે. ધીર મનુષ્ય મહાન્ સર્વવ્યાપી પરમાત્માને જાણ્યા પછી શોક કરતા નથી.

परमेवाक्षरंप्रविपद्यतेसयोह वै तदच्छायमशरीरमलोहितं शुभ्रमक्षरं वेदयते ॥ ४ ॥

જે તે છાયારહિત, લોહિતાદિ ગુણરહિત, પરિશુદ્ધ, અવિનાશી પરબ્રહ્મને જાણે છે, તે તે અક્ષય પુરુષને પ્રાપ્ત થાય છે.

अदृष्टम व्यवहार्य्यमग्राह्यमलक्षणम चिन्त्यमव्यपदेश्य मेकात्म प्रत्यय सारं प्रपंचोपशमं शान्तं शिवमद्वैतं ॥ ५ ॥

પરમેશ્વર ચક્ષુને અગોચર છે, કર્મેન્દ્રિયથી અગ્રાહ્ય છે. અને અવ્યવહાર્ય છે. તે કોઇ લક્ષણથી ગમ્ય નથી, તે કોઇ શબ્દથી જણાતો નથી, તે અચિન્ત્ય છે. માત્ર આત્મપ્રત્યયજ તેના અસ્તિત્વનું પ્રમાણ છે. તે સર્વ સંસારધર્મથી અતીત છે; તે શાંત, મંગલ અને અદ્વિતીય છે.

तदेतत् प्रेयः पुत्रात् प्रेयोवित्तात् प्रेयोऽन्य-स्मात् सर्व्वस्मात् अन्तरतरं यदमात्मा ॥ ६ ॥

તે અન્તરતર જે પરમાત્મા છે, તે પુત્રથી પ્રિય છે, ધનથી પ્રિય છે, અને સર્વથી પ્રિય છે.

सयोन्यमात्मनः प्रियं ब्रुवाणं ब्रूयात् प्रियं रोत्स्यतीति ईश्वरोह तथैव स्यात् ॥ ७ ॥

પરમાત્માના સિવાય બીજાને જે પ્રિય કહે છે, તેને જો તત્વદર્શી પુરુષ કહે કે તારો પ્રિય વિનાશ પ્રાપ્ત થશે, તો તે એ કહેવાને સમર્થ છે, કેમકે જેમ તે કહે છે તેમ થાય છે.

आत्मानमेव प्रियमुपासीत । सयआत्मानमेव प्रियमुपास्ते न हास्य प्रियं प्रमायुकं भवति ॥८॥

જે પરમાત્માને પ્રિય સમજીને ઉપાસના કરે છે, તેનો પ્રિય મૃત્યુને પ્રાપ્ત થતો નથી.

आत्मा वाअरे द्रष्टव्यः श्रोतव्योमन्तव्योनि-दिध्यासितव्यः ॥ ९ ॥

પરમાત્માનું દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યા-સન કરવું.

---

૬ વૃહદારણ્યકોપનિષત્ ૩૧-૪-૮. ૭ વૃહદારણ્યકો-પનિષત્ ૩-૪-૯. ૮ વૃહદારણ્યકોપનિષત્ ૩-૪-૯.

सवाअयमात्म सर्व्वेषां भूतानाम धिपातिः सर्व्वेषां भूतानां राजा ॥ १० ॥

પરમાત્મા સર્વ પ્રાણિયોનો અધિપતિ છે, અને સર્વ પ્રાણિયોનો રાજા છે.

तद्यथा रथनाभौ च रथनेमौ चारा सर्व्वे समर्पिताः । एवमेवास्मिन्नात्मनि सर्व्वाणि भूतानि सर्व्वे देवाः सर्वे लोकाः सर्वे प्राणाः सर्व्वएतआत्मानः समर्पिताः ॥ ११ ॥

રથના ચક્રની નાભિ અને નેમિમાં જેમ સઘળા આરા લાગેલા હોય છે તેમ આ પરમાત્મામાં સર્વ ભૂત, સર્વ દેવતા, સર્વ લોક, સર્વ પ્રાણ, અને સર્વ જીવાત્મા સંયુક્ત છે.

युजे वां ब्रह्म पूर्व्यं नमोभिः । अनादिमत्त्वं विभुत्वेन वर्त्तसे यतोजातानि भुवनानि विश्वा॥१२॥

હું નમસ્કારપૂર્વક મારા ચિરન્તન પરબ્રહ્મની સાથે આત્માનું સમાધાન કરું છું. હે અનાદિમત્ પરમાત્મન્ તમે સર્વત્ર વ્યાપ્ત છો, તમારાથી આ સર્વ ભુવન ઉત્પન્ન થયું છે.

इहैव सन्तोऽथ विद्मस्तद्वयं न चेदवेदिर्महती विनष्टिः । यएतद्विदुरमृतास्ते भवन्ति अथे-

तरे दुःखमेवा पयन्ति ॥ १३ ॥

અહિંયાં રહીનેજ અમે તે બ્રહ્મને જાણીએ છિયે; જો ન જાણત તો મહા વિનાશ થાત. જે તેને જાણે છે તે અમર થઇ જાય છે, બીજા લોક દુઃખ પામે છે.

ततोयदुत्तरतरं तदरूपमनामयं । यएतद्विदुरमृतास्तास्ते भवन्ति अथेतरे दुःखमेवापियन्ति १४

આ જગતથી જે ઉત્તરતર છે તે અરૂપ અને અનામય છે. જે એને જાણે છે તે અમર થાય છે, અને બીજા અર્થાત્ અજ્ઞાની દુઃખ પામે છે.

ततः परं ब्रह्म परं बृहन्तं यथानिकायं सर्व्वभूतेषु गूढम् । विश्वस्यैकं परिवेष्टितारमीशं तं ज्ञात्वाऽमृताभवन्ति ॥ १५ ॥

વિશ્વકાર્યનું કારણ પરબ્રહ્મ સર્વ કરતાં મહત્ છે, તે સર્વ પ્રાણીમાં ગૂઢરૂપથી રહેલો છે, તે વિશ્વસંસારનો એક માત્ર પરિવેષ્ટતા પરમેશ્વરને જાણીને લોક અમર થાય છે.

सर्व्वेन्द्रियगुणाभासं सर्व्वेन्द्रियविवर्जितं । सर्व्वस्य प्रभुमीशानं सर्व्वस्य शरणं सुहृत्॥१६

---

૧૪ શ્વેતાશ્વતરોપનિષત્ ૩-૧૦. ૧૫ શ્વેતાશ્વતરોપનિષત્ ૩-૭.
૧૬ શ્વેતાશ્વતરોપનિષત્ ૩-૧૬.

સર્વ ઇન્દ્રિયોના ગુણોનો પ્રકાશક છે તોપણ સર્વ ઇન્દ્રિયોથી વિવર્જિત છે. સર્વનો પ્રભુ અને ઇશાન છે, સર્વનો આશ્રયને સુહૃત્ છે.

महान् प्रभुर्वै पुरुषः सत्त्वस्यैषप्रवर्त्तकः ।
सुनिर्म्मलामिमांशान्तिरीशानोज्योतिरव्ययः ॥१७

તે પુરુષ મહાન્ પ્રભુ છે અને સુનિર્મલ પરમ પદ પ્રાપ્તિને માટે ધર્મનો પ્રવર્તક છે, તે ઇશાન છે, જ્યોતિ છે, અને અવ્યય છે.

दशमोऽध्यायः

ओमिति ब्रह्म सर्व्वेऽस्मै देवाबलिमाहरन्ति ।
मध्येवामनमासीनं विश्वेदेवा उपासते ॥१॥

જે ઓંકારનો પ્રતિપાદ્ય બ્રહ્મ છે, તેની સર્વ દેવતા પૂજા કરે છે- જગતમાં સ્થિત પૂજનીય પરમાત્માની સર્વ દેવતા નિત્ય ઉપાસના કરે છે.

ओमित्येवं ध्यायथ आत्मानं स्वस्ति वः पाराय तमसः परस्तात् । ओंकारेणैवायतनेनान्वेति विद्वान् यत्तच्छान्तजरम मृतमभयं परंच ॥२॥

---

૧૭ શ્વેતાશ્વતરોપનિષત્ ૩-૧૨.

ઓંકાર પ્રતિપાદ્ય પરબ્રહ્મનું ધ્યાન ધરો. તેથી નિર્વિઘ્ને અંધકારથી પાર ઉતરશો. જ્ઞાની મનુષ્ય ઓંકાર સાધનથી તે શાન્ત, અજર, અમર, અભય, નિરતિશય બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

तत् सवितुर्व्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियो योन प्रचोदयात् ॥ ३ ॥

તે જગત્-પ્રસવિતા પરમ દેવતાના વરણીય જ્ઞાન અને શક્તિને ધ્યાન કરૂં છું જે મારી બુદ્ધિ-વૃત્તિને પ્રેરણા કરે છે.

माहं ब्रह्म निराकुर्य्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्तु ॥ ४ ॥

બ્રહ્મ અમારો પરિત્યાગ ન કરે અને અમે તેનો પરિત્યાગ ન કરીએ, તે સર્વદા અમારાથી અપરિત્યક્ત રહે.

त वेद्यं पुरुष वेद यथा मा वो मृत्युः परिव्यथाः ५

તમને મૃત્યુની પીડા ન આવે એ વાસ્તે તે વિદ્ય પુરુષને જાણો.

यो देवोऽग्नौ योऽप्सु योविश्वं भुवनमाविवेश । य औषधीषु यो वनस्पतिषु तस्मैदेवाय नमोनमः ६

જે દેવતા અગ્નિમાં છે, જે પાણીમાં છે, જે ઔ-

---

૬ શ્વેતાશ્વતરોપનિષત્ ૨-૧૭.

ષધિમાં છે, જે વનસ્પતિમાં છે, જે આખી પૃથ્વીમાં વ્યાપ્ત છે તે દેવતાને વારંવાર નમસ્કાર કરૂં છું.

एकादशोऽध्यायः

अशब्दमस्पर्शमरूपमव्ययं तथा रसं नित्यमगन्धवच्च यत। अनाद्यनन्तंमहतः परं ध्रुवं निचार्य्य तं मृत्युमुखात् प्रमुच्यते ॥ १ ॥

તેમાં શબ્દ નની, સ્પર્શ નથી, રૂપ નથી, રસ નથી, ગંધ નથી, તે નિત્ય અને અવ્યય છે. અનાદિ અને અનન્ત છે, જીવાત્માથી શ્રેષ્ઠ અને અચલ છે, તેની આરાધના કરીને મનુષ્ય મૃત્યુના મુખથી છૂટે છે.

एषसर्व्वेषु भुतेषु गूढोत्मा न प्रकाशते।
दृश्यते त्वग्र्यया बुद्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः॥२

તે પરમાત્મા સર્વ ભૂતોમાં છૂપો રહેલો છે, એ વાસ્તે પ્રકાશિત થતો નથી. સૂક્ષ્મદર્શી માણસ તેને એકાગ્ર સૂક્ષ્મ બુદ્ધિથી જોઇ શકે છે.

नायमात्माप्रवचनेनलभ्यो नमेधयानबहुनाश्रुतेन।
यमेवैषवृण तेतेनलभ्यस्तस्यैषआत्मावृणुतेतनूंस्वां३

---

૧ કઠોપનિષત્ ૩-૧૫. ૨ કઠોપનિષત્ ૩-૧૨.
૩ કઠોપનિષત્ ૨-૨૩.

એ પરમાત્મા વચનથી મળતો નથી, તીક્ષ્ણ બુદ્ધિથી પણ મળતો નથી, અને ઘણું સાંભળ્યાથી પણ મળતો નથી. પરમાત્માને જ્યારે ઉપાસક ચાહે છે, ત્યારેજ તેને મેળવે છે, ત્યારે તે પરમાત્મા તેની સામે પોતાનું સ્વરૂપ પ્રકાશ કરે છે.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत । क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयोवदन्ति ॥ ४ ॥

ઉઠો ! જાગો ! સારા લોકોની પાસે જઇને સમજો. બુદ્ધિમાન્ મનુષ્ય એ બ્રહ્મ સાધનના માર્ગને તીક્ષ્ણ ધારવાળી તરવારની પેઠે દુર્ગમ કહે છે,

तदेतद् ब्रह्मापूर्वम् एतदमृतमभयं शान्तउपासीत ।

બ્રહ્મની પૂર્વે બીજું કંઇજ નહોતું. એ અમૃત, અભય છે. એની શાન્ત થઇને ઉપાસના કરવી.

द्वादशोऽध्यायः

वृक्षएव स्तब्धोदिवि तिष्ठत्येकः। तेनेदं पूर्ण पुरुषेण सर्वं ॥ १ ॥

---

૪ કઠોપનિષત્ ૩–૧૪. ૧ શ્વેતાશ્વતરોપનિષત્ ૩–૯.

અદ્વિતીય પરમાત્મા ઝાડના પ્રમાણે સ્તબ્ધ થ-ઇને પોતાના સ્વપ્રકાશ મહિમામાં રહે છે તે પૂર્ણ પુરુષના દ્વારે આખું જગત્ પૂર્ણ થઇ રહેલું છે.

यथा सौम्य वयांसि वासोवृक्षं संप्रतिष्ठन्ते ।
एवं हवै तत् सर्व्वं परआत्मनि संप्रतिष्ठते ॥२॥

હે પ્રિય ! જેમ પક્ષિયોનો વાસ ઝાડમાં છે તેમ સર્વ પરમાત્મામાં રહેલા છે.

एकोदेवः सर्व्वभूतेषु गूढः सर्व्वव्यापी स-र्व्वभूतान्तरात्मा । कर्म्माध्यक्षः सर्व्वभूताधिवा-सः साक्षी चेता केवलोनिर्गुणश्च ॥ ३ ॥

એક દેવતા સર્વ ભૂતોમાં છૂપો રહેલો છે, તે સર્વવ્યાપી છે, અને સર્વ જીવોનો અંતરાત્મા છે. કર્મનો અધ્યક્ષ છે. સર્વ જીવમાં એનો નિવાસ છે. તે સાક્ષી છે, ચેતન છે, પણ નિરુપાધિક અને નિર્ગુણ છે.

सर्व्वादिशऊर्ध्वमधश्च तिर्य्यक् प्रकाशयन् भ्राजते यद्वनड्वान् । एवं सदेवोभगवान् वरे-ण्योयोनिः स्वभावानधितिष्टत्येकः ॥ ४ ॥

સૂર્ય જેમ ઉપર નીચે વાંકો ચૂકો સર્વ દિશાને પ્રકાશિત કરીને ફરે છે, તેમ તે વરણીય અને પ્રકા-

---

૩ શ્વેતાશ્વતરોપનિષત્ ૬–૧૧. ૪ શ્વેતાશ્વતરોપનિષત્ ૫–૪.

શાત્મક ઇશ્વર પ્રકૃતિના સ્વભાવાળી પૃથિવ્યાદિ વસ્તુનો એકલો અધિષ્ઠાતા છે.

नैनमूर्ध्वं न तिर्य्यञ्च न मध्ये परिजग्रभत् ।
न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्‌यशः ॥५॥

એને ઉપર, આડો અવળો અને વચમાંથી કોઇ પકડી શકતા નથી; તેની પ્રતિમા નથી; તેનું નામ મહયશ છે.

न सन्दृशे तिष्ठति रूपमस्य न चक्षुषापश्यति कश्चनैनं । हृदा मनीषा मनसाभिक्लृप्तोयएनमेवम्विदुरमृतास्ते भवन्ति ॥ ६ ॥

દેખવાવાળી કોઇ વસ્તુમાં તેનું રૂપ ઠરતું નથી, આંખથી કોઇ તેને જોઇ શકતા નથી. હૃદયની ભક્તિ, બુદ્ધિ અને મનના સંયોગથી જે તેને જાણી લે છે, તે અમર થાય છે.

श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोपि बहवोयन्न विद्युः । आश्चर्योवक्ता कुशलोऽस्य लब्धा आश्चर्योज्ञाता कुशलानुशिष्टः ॥ ७ ॥

સાંભળવાના ઉપાયના ઘણા અભાવથી કોઇ

---

૫ શ્વેતાશ્વતરોપનિષત્ ૪-૧૯.

૬ કઠોપનિષત્ ૬-૯ શ્વેતાશ્વતરોપનિષત્ ૪-૨૦.

તે પરબ્રહ્મનો લાભ કરી શકતા નથી, ઘણાકો શ્રવણ કર્યા છતાં જેને જણી શકતા નથી, તેના જ્ઞાનનો ઉપદેશ કરી શકે એવા વકતા ઘણા દુર્લભ હોય છે. અત્યંત નિપુણ મનુષ્ય એ કે જે તેનો લાભ કરી શકે. નિપુણથી અનુશિષ્ટ થયો છે એવો જ્ઞાતા પણ દુર્લભ છે.

पराचः कामाननुयन्ति बालास्ते मृत्योर्यन्ति विततस्य पाशं । अथ धीराअमृतत्वं विदित्वा ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥ ८ ॥

અલ્પ બુદ્ધિવાળા માણસો બહારના વિષયમાં આસક્ત થઇને વિસ્તીર્ણ મૃત્યુના પાશમાં બુદ્ધ થાય છે, ધીર મનુષ્ય ધ્રુવ અમૃત તત્વને જાણીને સંસારના સર્વ અનિત્ય પદાર્થની કુંઇ પણ પ્રાર્થના કરતા નથી.

येनाहं नामृता स्यां किमहं तेन कुर्य्यां । असतोमा सद्गमय तमसोमा ज्योतिर्गमय मृत्योर्म्माऽमृतं गमय । आविरावीर्म्म एधि । रुद्र यत्ते दक्षिण मुखं तेन मां पाहि निन्य ॥ ९ ॥

જેના યોગે હું અમર ન થાઉં તેને લઇને શું કરૂં? અસત્યથી મને સત્યમાં લઇ જાઓ, અંધકારથી મને જ્યોતિમાં લઇ જાઓ, મૃત્યુથી મને અમૃતમાં

લઇ જાઓ. હે સ્વપ્રકાશ ! મારી પાસે પ્રકાશિત થાઓ, રુદ્ર ! તમારું જે પ્રસન્ન મુખ તેનાથી મારી સર્વદા રક્ષા કરો.

त्रयोदशोऽध्यायः

सत्यमेव जयते नानृतं । सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यक् ज्ञानेन । येनाक्रमन्त्यृषयोह्याप्तकामायत्र तत् सत्यस्य परम निधानं ॥१

સત્યનો જય થાય છે. મિથ્યાનો જય થતો નથી. સત્ય બોલવાથી, મનની એકાગ્રતાથી, સમ્યગ્ જ્ઞાનથી, એ પરમાત્માનો લાભ કરવામાં આવે છે. ઋષિયો એ સર્વ અનુષ્ઠાનથી તૃપ્ત ચિત્તવાળા થઇને સત્યના પરમ નિધાન બ્રહ્મનો લાભ કરે છે.

दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरोह्यजोऽप्राणोह्यमनाः । य पश्यन्ति यतयः क्षीणदोषाः ॥२॥

તે મૂર્તિ વર્જિત પુરુષ દિવ્ય છે, તે બહાર અને અંદર છે. અજ છે, પ્રાણ અને મન રહિત છે. જેના ક્ષીણ દોષ છે તે તેને જુએ છે.

[illegible]धपोयस्मिन् लोकाअधिश्रिताः ।

यईशोऽस्यद्विपदश्चतुष्पदःसवाएषम ।नजआत्मा ३

જે દેવતાનો અધિપતિ છે, જેને સર્વ લોક આશ્રિત થઇને રહેલા છે, જે દ્વિપદ અને ચતુષ્પદ જંતુને શાસનમાં રાખે છે, તે જન્મ વગરનો મહાન્ આત્મા છે.

अदृष्टोदृष्टाऽश्रुतः श्रोताऽमतोमन्ताऽविज्ञातो विज्ञाता ॥ ४ ॥

પરમાત્માને કોઈ જોઇ શકતા નથી. પરંતુ તે સર્વને જુવે છે. કોઇ તેને શ્રુતિ ગોચર કરી શકતા નથી, પરંતુ તે સર્વનું બોલવું સાંભળે છે. કોઇ તેને મનન કરવાને શક્તિમાન થતા નથી, પરંતુ તે સર્વનું મનન કરી શકે છે. તેને જાણી શકતા નથી, પરંતુ તે સર્વને જાણે છે.

सएषनेति नेत्यात्माऽगृह्योन हि गृह्यते ॥ ५ ॥

એ આ નથી, એ આ નથી, આ પ્રકારનો પરમાત્માનો નિર્દેશ છે, તે ઇન્દ્રિય તથા મનથી ગ્રાહ્ય નથી, તેથી કોઇ તેને ઇન્દ્રિય તથા મનના દ્વારા ગ્રહણ કરી શકતા નથી.

सएषसर्व्वस्येशानः सर्व्वस्याधिपतिः
सर्व्वमिदं प्रशान्ति यदिदं किञ्च ॥६॥

---

૩ શ્વેતાશ્વતરોપનિષત્ ૪-૧૩.

તે પરમાત્મા સર્વનો નિયંતા અને સર્વનો અધિપતિ છે, જગતમાં જે કંઈ પદાર્થ છે, તે સર્વ ઉપર શાસન કરે છે.

ऋतं पिवन्तौ सुकृत य लोके गुहां प्रविष्टौ परमे परार्द्धे । छायातपौ ब्रह्मविदो वदन्ति पंचाग्नयो ये च त्रिणाचिकेताः ॥ ७ ॥

શરીરના પરમ ઉત્કૃષ્ટ સ્થાનમાં બે જણા છે. તેમાં એક જણ પોતાનું કરેલું કર્મફલ ભોગવે છે. બીજો એક જણ ફલ આપે છે, બ્રહ્મવિત તત્વજ્ઞ તેઓને છાયા અને તડકાની પેઠે પરસ્પર ભિન્ન કહે છે. તેને પંચાગ્નિ અને ત્રિણાચિકેત કહે છે.

चतुर्दशोऽध्यायः

योवै भूमा तत् सुख नाल्पे सुखमस्ति भूमैव सुखं भूमा त्वेव विजिज्ञासितव्यः ॥ १ ॥

જે મહાન્ છે તે સુખ સ્વરૂપ છે. ક્ષુદ્ર પદાર્થમાં સુખ નથી. મહાન્ ઈશ્વરજ સુખ સ્વરૂપ છે. એટલા માટે તેને જાણવાની ઇચ્છા કરો.

सभगवः कस्मिन् प्रतिष्ठितइति स्वे महिम्नि ॥२॥

શિષ્યે પૂછ્યું, હે ભગવન્! તે ક્યાં પ્રતિષ્ઠિત છે? આચાર્યે જવાબ આપ્યો કે, તે પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત છે.

सएवाधस्तात् सउपरिष्टात् सएपश्चात् स-
पुरस्तात् सदक्षिणतः सउत्तरतः । ईशानोभू-
तभ्रव्यस्य सएवाद्य सउ श्वः ॥ ३ ॥

તે નીચે છે, તે ઉર્ધ્વ છે, તે પછવાડે છે, તે સામે છે, તે દક્ષિણમાં છે, તે ઉત્તરમાં છે, તે ભૂત ભવિષ્યનો નિયંતા છે, તે હમણાં પણ છે, પછી પણ રહેશે.

यएकोऽवर्णोबहुधा शक्तियोगाते वर्णाननेकान्निहितार्थोदधाति । विचैति चान्ते विश्वमादौ सदेवः सनोबुध्या शुभया संयुनक्तु ॥ ४ ॥

જે એક અને વર્ણ વગરનો છે, અને જે પ્રજાનાં પ્રયોજન જાણીને ઘણા પ્રકારની શકિતના યોગે વિવિધ કામ્ય વસ્તુ આપે છે. આખું બ્રહ્માંડ પ્રથમથી જેનામાં વ્યાપ્ત થઇ રહેલું છે. તે દીપ્યમાન પરમેશ્વર છે. તે અમને શુભ બુદ્ધિ આપે.

सवृक्षकालाकृतिभिः परोऽन्योयस्मात् प्रपंचः परिवर्त्ततेऽयम् । धर्मावहं पापनुदं भगेशं ज्ञा-

---

૪ શ્વેતાશ્વતરોપનિષત્ ૪-૧.

त्वात्मस्थममृत विश्वधाम । विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वा शिवं शान्तिमत्यन्तमेति ॥५॥

તે સંસાર, કાલ અને આકારથી પર અને જૂદો છે. તેની શક્તિથી સર્વ સંસાર પરિવર્તિત થાય છે. તે ધર્મનો આવહ છે. પાપનો નાશ કરવાવાળો છે. અને ઐશ્વર્યનો સ્વામી છે. તે અમૃત સ્વરૂપ વિશ્વધામમાં છે. આત્મામાં છે. તે મંગલ સ્વરૂપ એક માત્ર પરિવેષ્ટિતને જાણીને જીવ અત્યંત શાન્તિને પ્રાપ્ત કરે છે.

सविश्वकृद्विश्वविदात्मयोनिर्ज्ञः कालकालो गुणी सर्व्वविद्यः । प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः संसारमोक्षस्थितिबन्धहेतुः ॥ ६ ॥

તે વિશ્વનો કર્ત્તા છે, વિશ્વનો વેત્તા છે, સર્વ આત્માનો સ્રષ્ટા છે. પ્રજ્ઞાવન્, કાલનો કર્ત્તાછે, ગુણવાન્ અને સર્વજ્ઞ છે, તે જડ અને જીવનો પ્રતિપાલક છે, સર્વ ગુણનો મહેશ્વર છે અને સંસારની સ્થિતિ, બંધન તથા મોક્ષનો હેતુ છે.

सतन्मयो ह्यमृत ईशसंस्थोज्ञः सर्व्वगो भुवनस्यास्य गोप्ता । यईशेऽस्य जगतोनित्यमेव नान्योहेतुर्विद्यतईशनाय । तं ह देवमात्म बुद्धिप्र-

---

૫ શ્વેતાશ્વતરોપનિષત્ ૬–૬. ૬ શ્વેતાશ્વતરોપનિષત્ ૬–૧૬.

कार्यं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ ७ ॥

તે ચેતન્યમય, મરણના ધર્મથી રહિત અને સર્વના સ્વામી રૂપે સર્વત્ર રહેલો છે. તે બુદ્ધિમાન્, સર્વત્ર ગામી અને જગતનો પ્રતિપાલક છે, તે જગતને નિત્ય નિયમમાં રાખે છે. તેના સિવાય વિશ્વશાસન કરવાવાળો બીજો કોઇ નથી. હું મુમુક્ષુ થઇને તે આત્મ જ્યોતિ પ્રકાશક પરમેશ્વરના શરણાપન્ન થાઉં છું.

तस्य ह वापतस्य ब्रह्मणोनाम सत्यं निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरजनं । अमृतस्य परं सेतु दग्धेन्धनमिवानलं ॥ ८ ॥

બ્રહ્મનું નામ સત્ય છે, તે નિરવયવ, નિષ્ક્રિય, શાન્ત, અનિંદનીય અને નિરંજન છે. મુક્તિનો પરમ સેતુ અને દગ્ધ ઇંધનના અગ્નિના પ્રમાણે દીપ્યમાન છે.

ससेतुर्विधृतिरेषां लोकानामसम्भेदाय । नैन सेतुमहोरात्रे तरतः न जरा न मृत्युर्नशोकः ॥९॥

તે આ લોક-ભંગ નિવારણને માટે સેતુ સ્વરૂપ થઇને સઘળું ધારણ કરે છે. તે સેતુ સ્વરૂપ પરબ્રહ્મ રાત્ર દિવસમાં પરિચ્છેદ થતો નથી અને જરા મૃત્યુ, શોક પણ તેને અધિકાર કરી શકતાં નથી.

---

૭ શ્વેતાશ્વતરોપનિષત્ ૬-૧૭, ૧૮.

य आत्माऽपहतपाप्मा विजरोविमृत्युर्व्विशोकोविजिवत्सोऽपिपासः सत्यकामः। सत्यसङ्कल्पः सोऽन्वेष्टव्यः सविजिज्ञासितव्यः। स सर्व्वांश्च लोकानाप्नोति सर्व्वांश्च कामान् यस्तमात्मानमनुविद्य विजानाति ॥ १० ॥

જે પરમાત્મા પાપ-શૂન્ય, અજર, અમર, અશોક, ક્ષુધા તૃષ્ણાથી દૂર અને સત્ય કામ છે, તથા સત્ય સંકલ્પ છે, તેને શોધો. અને તેને વિશેષ રૂપથી જાણવાની ઇચ્છા કરો, જેઓ પરમાત્મને શોધીને જાણી શકે છે તેઓને સત્યલોક પ્રાપ્ત થાય છે, અને તેઓની સત્ય કામના સિદ્ધ થાય છે.

आकाशोवै नाम नामरूपयोर्निर्व्वहिता।
ते यदन्तरा तद्ब्रह्म तदमृतं ॥ ११ ॥

બ્રહ્મનું નામ આકાશ છે, તે નામ રૂપમાં નિર્વહિતા છે, અને તે નામ રૂપ જેનાથી ભિન્ન છે તે તે બ્રહ્મ અમૃત છે.

नैव वाचा न मनसा प्राप्तुं शक्योन चक्षुषा।
अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ॥१२॥

તે વાક્યથી, મનથી, કે ચક્ષુથી, કોઇથી પણ મળતો નથી. જે મનુષ્ય કહે છે કે તે છે તેના સિ-

વાય બીજા મનુષ્યથી તે કેવી રીતે ઉપલબ્ધ થઇ શકે?

યદૈતમનુ પશ્યત્યાત્માનં દેવમંજસા ।
ઈશાનં ભૂતભવ્યસ્ય ન તતોવિજુગુપ્સતે ॥૧૩॥

જ્યારે પ્રકાશવાન્ ભૂત ભવિષ્યના નિયંતા, પરમાત્માને સાક્ષાત્ જુએ છે, ત્યારે પોતાને તેનાથી છૂપો રાખવાની ઇચ્છા કરતો નથી.

પઞ્ચદશોઽધ્યાયઃ

નાવિરતોદુશ્ચરિતાન્નાશાન્તોનાસમાહિતઃ ।
નાશાન્તમાનસોવાપિપ્રજ્ઞાનેનૈનમાપ્નયાત્ ॥ ૧ ॥

જે માણસ દુષ્કર્મથી નિરત થયો નથી, ઇન્દ્રિય–ચાંચલ્યથી શાન્ત થયો નથી, જેનું ચિત્ત સમાહિત થયું નથી. અને કર્મફલ કામાથી જેનું મન શાન્ત થયું નથી; તે મનુષ્ય કેવળ જ્ઞાનથી પરમાત્માને પ્રાપ્ત કરી શકતો નથી.

શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતસ્તૌ સમ્પરીત્ય વિવિનક્તિધીરઃ । તયોઃ શ્રેયઆદદાનસ્ય સાધુભવતિહીયતેઽર્થાત્ યઉ પ્રેયોવૃણીતે ॥ ૨ ॥

---

૨ કઠોપનિષત્ ૨–૨.

શ્રેય અને પ્રેય મનુષ્યને પ્રાપ્ત થાય છે, જે ઉત્તમ વિવેચના કરીને આ બન્નેને જૂદાં કરે છે તથા એમાં-થીજ શ્રેયને ગ્રહણ કરે છે, તેનું મંગળ થાય છે અને જે પ્રેયને ગ્રહણ કરે છે, તે પરમાત્માથી ભ્રષ્ટ થાય છે.

यथाकारी यथाचारी तथा भवति । साधु-कारीसाधुर्भवति पापकारी पापो भवति । पु-ण्यः पुण्येन कर्मणा भवति पापः पापेन ॥३॥

મનુષ્ય જેવું કામ કરે છે અને જેવું આચરણ કરે છે તેવું ફળ પામે છે. સારૂં કામ કરવાવાળાનું સારૂં થાય છે, પાપ કરવાવાળા પાપી થાય છે, પુ-ણ્ય કર્યાથી પુણ્ય થાય છે, પાપ કર્મથી પાપ થાયછે.

यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानिदुष्टाश्वाइव सारथेः ॥४॥

જે માણસ અજ્ઞાન છે અને જેનું મન વશ ન-થી, તેની ઇન્દ્રિયો સારથિના દુષ્ટ ઘોડાની પેઠે વશમાં રહેતી નથી.

यस्तु विज्ञानवान् भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वाइव सारथेः ॥५॥

---

૩ બૃહદારણ્યકોપનિષત્ ૪–૪. ૪ કઠોપનિષત્ ૩–૫.
૫ કઠોપનિષત્ ૩–૬.

જે જ્ઞાનવાન્ છે. અને પોતાનું મન વશ રાખે છે, તેની ઇન્દ્રિયો સારથિના વશીભૂત અશ્વની પેઠે વશ રહે છે.

य त्वविज्ञानवान भवत्यमनस्कः सदाशुचिः ।
न सतत् पदमाप्नोति संसारञ्चाधिगच्छति ॥६॥

જે અજ્ઞાન મનવશ નથી અને સર્વદા. અપવિત્ર હોય છે, તે બ્રહ્મપદ મેળવી શકતો નથી. પરંતુ તે સંસારની ગતિને પ્રાપ્ત થાય છે.

यस्तु विज्ञानवान् भवति समनस्कः सदाशुचिः ।
सतु तत् पदमाप्नोति यस्मात् भूयोन जायते ॥७॥

જે વિજ્ઞાનવાન્, સ્વવશ અને સર્વદા પવિત્ર ચિત્તવાળો હોય છે તે બ્રહ્મપદ મેળવે છે ત્યારપછી તેની પ્રચ્યુતિ થતી નથી.

विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।
सोऽध्वनः परमाप्नोतितद्विष्णोः परमं पद ॥८॥

વિજ્ઞાન જેનો સારથિ છે, અને મન રૂપ લગામ જેની વશીભૂત છે. તે સંસારની પાર સર્વ વ્યાપી પરબ્રહ્મના પરમ સ્થાનને પ્રાપ્ત થાય છે.

अनन्दानाम ते लोकाअन्धेन तमसा ताः ।
तांस्ते प्रेत्याभिगच्छन्तिअविद्वांसोबुधोजनाः॥९॥

દુર્બુદ્ધિ અજ્ઞાન મનુષ્ય મૃત્યુ પછી એવા લોકમાં જાય છે કે જ્યાં સર્વ લોક આનંદ—શૂન્ય નિબિડ અંધકારમાં આવૃત છે.

षोडशोऽध्यायः

शान्तोदान्तउपरतस्तितिक्षुः समाहितो भूत्वा आत्मन्येवात्मानं पश्यति ॥ १ ॥

બ્રહ્મવિત્ મનુષ્ય શાન્ત, દાન્ત, ઉપરત, તિતિક્ષુ અને સમાહિત થઇને પોતામાં પરમાત્માને જુવે છે.

नैनं पाप्मा तरति सर्व्वं पाप्मानं तरति ।
नैनं पाप्मा तपति सर्व्वं पाप्मानं तपति ।
विपापोविरजोऽविचिकित्सो ब्राह्मणोभवति ॥२॥

પાપ તેને સ્પર્શ કરી શકતું નથી, એ સર્વ પાપનો તે અતિક્રમ કરે છે. પાપ તેને સંતાપ આપી શકતું નથી. એ સર્વ પાપનો સંતાપક થાય છે. એ નિષ્પાપ, નિર્મળ ચિત્ત તથા પરબ્રહ્મની સત્તામાં નિઃસંશય થઇને બ્રહ્મોપાસક થાય છે.

समोदते मोदनीयं हि लब्ध्वा । तरति शोकं तरति पाप्मा । गुहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो

भवति ॥ ३ ॥

તે આનંદનીય પહ્બ્રહ્મનો લાભ કરીને આનંદિત થાય છે, તે શોકથી ઉત્તીર્ણ થાય છે, તે પાપથી ઉત્તીર્ણ થાય છે, અને હૃદયની સર્વ ગાંઠોથી વિમુક્ત થઈને અમર થાય છે.

सत्यान्न प्रमदितव्यं धर्म्मान्न प्रमदितव्यं कुशलान्न प्रमदितव्यं ॥ ४ ॥

સત્યથી વિચ્છિન્ન થશો નહિ, શુભ કર્મથી વિચ્છિન્ન થશો નહિ.

सत्यं वद । समूलोवा एषपरिशुष्यति योऽनृतमभिवदति ॥ ५ ॥

સત્ય કહો, જે જુઠું કહે છે તે સમૂલે શુષ્ક થઈ જાય છે.

धर्म्मं चर । धर्म्मात् परं नास्ति । धर्मः सर्व्वेषां भूतानां मधु ॥ ६ ॥

ધર્માચરણ કરો, ધર્મથી બીજું કંઈ નથી. ધર્મ સર્વના પક્ષે મધુ-સ્વરૂપ છે.

श्रद्धया देयं । अश्रद्धया अदेयं ॥ ७ ॥

શ્રદ્ધાની સાથે દાન કરો, અશ્રદ્ધાની સાથે દાન કરશો નહિ.

मातृदेवोभव पितृदेवोभव आचार्य्यदेवोभव ॥८॥

માતાને દેવતા પ્રમાણે જાણો, પિતાને દેવતા પ્રમાણે જાણો, આચાર્યને દેવતા પ્રમાણે જાણો.

यान्यनवद्यानि कर्म्माणि तानि सेवितव्यानि नो इतराणि ॥ ९ ॥

જે કલ્યાણકારક હોય તે કામ કરો. અકલ્યાણકારક કામ કરશો નહિ.

यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि ॥ १० ॥

મારામાં જે કંઇ સારા આચાર હોય તે તમે કરો તેના સિવાય બીજાં કામ કરશો નહિ.

एतैरुपायैर्यतते यस्तु विद्वान् तस्यैष आत्मा विशते ब्रह्मधाम ॥ ११ ॥

જે બ્રહ્મવિત્ સત્ય ઉપાયથી બ્રહ્મપ્રાપ્તિનો યત્ન કરેછે તેનો આત્મા બ્રહ્મરૂપ નિકેતનમાં પ્રવિષ્ટ થાયછે.

शृण्वन्तु विश्वेऽमृतस्य पुत्राआ ये धामानि दिव्यानि तस्थुः ॥ १२ ॥

હે દિવ્ય ધામવાસી અમૃતના પુત્રો ! તમે સાંભળો.

वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् । तमेव विदित्वातिमृत्युमेति नान्यः

पन्था विद्यतेऽयनाय ॥ १३ ॥

મેં તે તિમિરાતીત જ્યોતિર્મય મહાન્ પુરુષને જાણ્યો છે. સાધક કેવળ તેને જાણીને મૃત્યુનો અતિક્રમ કરે છે. તેના સિવાય મુક્તિ પ્રાપ્તિનો બીજો માર્ગ નથી.

एतज्ज्ञेयं नित्यमेवात्मसस्थ नातः परं वेदितव्य हि किञ्चित् ॥ १४ ॥

પરમાત્મા નિત્ય આપણામાં રહે છે; તે જાણવા યોગ્ય છે, તેના સિવાય બીજું કંઇ જાણવા યોગ્ય નથી.

सम्प्राप्यैनमृषयोज्ञानतृप्ताः कृतात्मानोवीतरागाः प्रशान्ताः । ते सर्व्वगं सर्व्वतः प्राप्य धीरायुक्तात्मानः सर्व्वमेवाविशान्ति ॥ १५ ॥

ઋષિયો એને સમ્યક્ પ્રાપ્ત કરી લઇને જ્ઞાનથી તૃપ્ત થાયછે, આત્માની ઉન્નતિ મેળવે છે, અને વિષયમાં અનાસક્ત તથા પ્રશાંત ચિત્તવાળા થાય છે. તે મુક્તાત્મા ધીર મનુષ્ય સર્વવ્યાપી પરમાત્માને સર્વત્ર પ્રાપ્ત કરીને સર્વમાં પ્રવિષ્ટ થાયછે.

विज्ञानात्मा सह देवैश्च सर्व्वैः प्राणाभूतानि स प्रतिष्ठन्ति यत्र । तदक्षर वेदयत यस्तु सौम्य ससर्वज्ञः सर्व्वमेवाविवेश ॥ १६ ॥

હે પ્રિય શિષ્ય! ઇન્દ્રિય, પ્રાણ જેમાં સ્થિતિ કરે છે, તે સર્વ અવિનાશી પરમાત્માને જે જાણે છે, તે સર્વ જાણે છે, અને સર્વમાં પ્રવેશ કરે છે.

यश्चायमस्मिन्नाकाशे तेजोमयोऽमृतमयः यः पुरुषः सर्व्वानुभूः । तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ १७ ॥

આ અસીમ આકાશમાં જે અમૃતમય, જ્યોતિર્મય પુરુષ છે, તેને સાધક કેવળ જાણીને મૃત્યુ અતિક્રમ કરેછે. તેના સિવાય મુક્તિ પ્રાપ્તિનો બીજો માર્ગ નથી.

उक्ता तउपनिषत् ब्राह्मीम् ।

वार तउपनिषदमब्रुमेत्युपनिषत् ॥१८॥

તમારી આગળ ઉપનિષદ્ કહ્યું છે. બ્રહ્મ સંબંધી ઉપનિષદ્જ મેં તમને કહી દેખાડયું છે. એજ ઉપનિષદ્ છે.

ओं शांतिः शांतिः शांतिः

प्रथम खंड.

उपनिषत् समाप्ता.

બ્રાહ્મધર્મ.

દ્વિતીયખંડ.

प्रथमोऽध्यायः

ओमाचार्य्योऽन्तेवासिनमनुशास्ति ॥ १ ॥

આચાર્ય શિષ્યને ધર્મોપદેશ કરે છે.

ब्रह्मनिष्ठोगृहस्थः स्यात् तत्त्वज्ञानपरायणः ।
यद् यत् कर्म्म प्रकुर्वीत तद् ब्रह्मणि समर्पयेत् ॥२

ગૃહસ્થ મનુષ્યે ²બ્રહ્મનિષ્ઠ તથા તત્વજ્ઞાન પરાયણ થવું જોઇયે; જે કંઇ કર્મ કરવામાં આવે, તે પરબ્રહ્મને અર્પણ કરવું જોઇયે.

मातरं पितरञ्चैव साक्षात् प्रत्यक्ष देवतां ।
मत्वा गृही निषेवेत सदा सर्व्वप्रयत्नतः ॥३॥

ગૃહસ્થ મનુષ્યે પિતા અને માતાને સાક્ષાત્ પ્ર-

---

૨ મહાનિર્વાણતંત્ર ૮–૨૨. ૩ મહાનિર્વાણતંત્ર ૮–૨૪.

ત્યક્ષ દેવતાસ્વરૂપ જાણીને સર્વ પ્રયત્નથી સર્વદા તે-ઓની સેવા કરવી.

श्रावयेन्मृदुलांवाणीं सर्व्वदा प्रियमाचरेत् ।
पित्रोराज्ञानुसारी स्यात् सत्पुत्रः कुलपावन ॥४॥

કુલપાવન સત્પુત્રે પિતા માતાને મૃદુ વાક્ય કહેવું, સર્વદા તેઓનું પ્રિય કામ કરવું અને તેઓની આજ્ઞામાં રહેવું.

गुरूणाञ्चैव सर्व्वेषांमाता परमकोगुरुः ।
मातागुरुतराभूमेः खात्पितोच्च तरस्तथा ॥५॥

સર્વ ગુરુમધ્યે માતા પરમ ગુરુ છે, માતા પૃથ્વીના કરતાં ગુરુ છે, પિતા આકાશ કરતાં પણ ગુરુછે.

यं मातापितरौ क्लेशं सहेते सम्भवे नृणाम् ।
न तस्य निष्कृतिः शक्या कर्त्तुं वर्षशतैरपि ॥६॥

સંતાનના જન્મમાં માતાપિતા જે ક્લેશને સહન કરે છે તેનો બદલો સો વર્ષે પણ પુત્રોથી વાળી શકાય એમ નથી.

भ्राताज्येष्ठः समः पित्राभार्य्यापुत्रः स्वका तनुः ।
छाया स्वदासवर्गश्च दुहिता कृपणं परं ।

---

૪ મહાનિર્વાણતંત્ર ૮–૨૮. ૫ મહાનિર્વાણતંત્ર ૮–૩૦.
૬ મનુ ૨–૨૨૭.

तस्मादेतैरधिक्षिप्तः सहेतासंज्वरः सदा ॥७॥

મોટો ભાઇ પિતા તુલ્ય છે, ભાર્યા અને પુત્ર પોતાના શરીર તુલ્ય છે, દાસ વર્ગ પોતાની છાયા સ્વરૂપ છે, અને કન્યા કૃપાપાત્ર છે માટે એઓમાંનું કોઇ તિરસ્કાર કરે તો મનમાં સંતાપ ન લાવતાં તેનું સર્વદા સહન કરવું.

अतिवादांस्तितिक्षेत नावमन्येत कञ्चन ।
न चेमं देहमाश्रित्य वैरं कुर्व्वीत केनचित् ॥८॥

પારકાની અત્યુક્તિ સહન કરવી, કોઇનું પણ અપમાન કરવું નહિ. આ માનવદેહ ધારણ કરીને કોઇની સાથે શત્રુતા કરવી નહિ.

द्वितीयोऽध्यायः

यावन्नविन्दते जायांतावदर्द्धो भवेत् पुमान् ।
यन्न बालैः परिवृतं श्मशानमिव तद्गृहम् ॥१॥

પુરુષ જ્યાં સુધી સ્ત્રી પરણતો નથી, ત્યાં સુધી તે અર્ધો રહેછે. જે ઘર બાલકથી ઘેરાયલું ન હોય તે ઘર શ્મશાનના સરખું છે.

---

૭ મનુ ૪-૧૮૪, પ. ૮ મનુ ૬-૪૩. ૧ વ્યાસ ૩ અધ્યાય.

प्रजनार्थं महाभागाः पूजार्हागृहदीप्तयः ।
स्त्रियः श्रियश्चगेहेषु नविशेषोऽस्तिकश्चन ॥२॥

સંતાન ઉત્પત્તિને વાસ્તે સ્ત્રી ઘણી ભાગ્યશાળી અને સત્કાર કરવા યોગ્ય છે. તે ઘરને શોભા આપે છે. સ્ત્રીઓ ઘરની શ્રી-સ્વરૂપ છે, સ્ત્રીમાં અને લક્ષ્મીમાં કંઈ પણ જુદાપણું નથી.

सर्व्वावयवसम्पूर्णा सद्वृत्तामुद्वहेन्नरः ।
क्रयक्रीताचयाकन्यापत्नीसा नविधीयते ॥३॥

સર્વ અવયવે સંપૂર્ણ અને સારા શીલવાળી સ્ત્રીની સાથે વિવાહ કરવો. મૂલ્ય આપીને જે ખરીદવામાં આવે તે વિધિ પ્રમાણે પત્નીજ નથી.

अन्योन्यस्याव्यभिचारोभवेदामरणान्तिकः ।
एष धर्म्मः समासेन ज्ञेयः स्त्रीपुंसयोः परः ॥४॥

સ્ત્રી પુરુષે મરણ પર્યન્ત પરસ્પરને વ્યભિચાર કરવો નહિ, તેઓને સંક્ષેપમાં આ ધર્મ જાણવો.

तथा नित्यं येतयातां स्त्रीपुंसौ तु कृतक्रियौ ।
यथा नाभिचरेतां तौ वियुक्तावितरेतरम् ॥५॥

સ્વામી અને ભાર્યાએ એવો યત્ન કરવો કે તે-

---

૨ મનુ ૯–૨૫. ૩ અત્રિસ્મૃતિ ૭૧૯.
૪ મનુસ્મૃતિ. ૫ મનુ ૯–૧૦૨.

ઓ પરસ્પર વિયુક્ત ન થાય.

सन्तुष्टोभार्य्याया भर्त्ता भर्त्रा भार्य्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवं ॥६॥

જે કુલમાં સ્વામી ભાર્યાથી અને ભાર્યા સ્વામીથી નિત્ય સંતુષ્ટ રહે છે તે કુલમાં નિશ્ચિંત કલ્યાણ થાય છે.

सा भार्य्याया पतिप्राणा सा भार्य्याया प्रजावती ।
मनोवाक्कर्म्मभिः शुद्धा पतिदेशानुवर्त्तिनी ॥७॥

તે ભાર્યા છે જે પતિ પ્રાણા છે, તે ભાર્યા છે જે પુત્રવતી છે, અને તે ભાર્યા છે જેનું મન, વાક્ય અને કર્મ શુદ્ધ છે, અને જે પતિની આજ્ઞાનુસારિણી છે.

छायेवानुगता स्वच्छा सखीव हितकर्म्मसु ।
सदा प्रहृष्टया भाव्यं गृहकार्य्येषु दक्षया ॥८॥

સ્ત્રીએ છાયા પ્રમાણે સ્વામીને અનુસરવું, હિતકર્મમાં તેની સખી પ્રમાણે થવું અને સર્વદા હર્ષની સાથે ઘરના કામકાજમાં ધ્યાન આપવું.

न केनचित् विवदेच्च अप्रलापविलापिनी ।
न चातिव्ययशीला स्यात् न धर्म्मार्थावरोधिनी९

---

૬ મનુ ૩-૬૦. ૭ આદિપર્વ અને વ્યાસ સંહિતા.
૮ વ્યાસ સંહિતા.

કોઇ સાથે વિવાદ કરવો નહિ, બકવાદ કરવો નહિ, ઘણો ખરચ કરવાની ટેવ રાખવી નહિ અને ધર્મ તથા અર્થનો વિરોધ કરવો નહિ.

पतिप्रियहिते युक्ता स्वाचारा संयतेन्द्रिया ।
इह कीर्त्तिमवाप्नोति प्रेत्य चानुपमं सुखं ॥१०॥

જે ભાર્યા પતિના પ્રિય અને હિત કાર્યમાં નિયુક્ત રહે છે, અને સદાચાર તથા સંયતેન્દ્રિય થાય છે, તેને આ લોકમાં કીર્તિ અને પરલોકમાં અનુપમ સુખ પ્રાપ્ત થાય છે.

स्त्रीभिर्भर्त्तृवचः कार्यं एषधर्म्मः परः स्त्रियाः ।
सद्वृत्तचारिणीं पत्नीं त्यक्त्वा पतति धर्म्मतः ११

સ્ત્રીઓએ સ્વામીઓનું વાક્ય પ્રતિપાળન કરવું, એ તેઓનો પરમ ધર્મ છે. સ્વામી સદાચારશીલા પત્નીને પરિત્યાગ કર્યાથી ધર્મથી પતિત થાય છે.

सूक्ष्मेभ्योऽपि प्रसङ्गेभ्यः स्त्रियोरक्ष्याविशेषतः ।
द्वयोर्हि कुलयोः शोकमावहेयुररक्षिताः ॥१२॥

સ્ત્રીઓને અત્યલ્પ દુઃસંગથી પણ ઉત્તમ રૂપે રક્ષા કરવી, કારણ કે સ્ત્રી સુરક્ષિત ન હોય તો પિતાનાં કુલ અને ભર્તાનાં કુલમાં શોકનાં મૂળ થઇ પડેછે.

---

૧૦ મહાભારત. ૧૨ મનુ ૯-૫.

अरक्षितागृहे रुद्धाः पुरुषैराप्तकारिभिः ।
आत्मानमात्मना यास्तु रक्षेयुस्ताः सुरक्षिताः १३

વિશ્વાસુ પાત્ર માણસો સ્ત્રીઓને સાચવતા હોય તોપણ તે સ્ત્રીઓ અરક્ષિત છે, પરંતુ જે સ્ત્રીઓ પોતાથીજ પોતાનું રક્ષણ કરે છે તેજ સુરક્ષિત છે એમ જાણવું.

भ्रातुर्ज्येष्ठस्य भार्य्या या गुरुपत्न्यनुजस्यसा ।
यवीयसस्तु या भार्य्या स्नुषा ज्येष्ठस्य सा स्मृता १४

મોટા ભાઇની સ્ત્રી નાના ભાઇને ગુરુપત્ની સ્વ-રૂપ છે. અને નાના ભાઇની સ્ત્રી મોટા ભાઇને પુત્ર વધૂ સ્વરૂપ છે, એવું મુનિઓએ કહ્યું છે.

तृतीयोऽध्यायः

गृहस्थःपालयेत्दारान्विद्यामभ्यासयेत्सुतान् ।
गोपयेत् स्वजनात् बन्धूनेषधर्म्मः सनातनः ॥१॥

ગૃહસ્થે પોતાની સ્ત્રીનું પ્રતિપાળન કરવું, પુત્રોને વિદ્યાભ્યાસ કરાવવો, અને સ્વજન તથા બંધુઓની

---

૧૩ મનુ ૯-૧૨. ૧૪ મનુ ૯-૫૭.

૧ મહાનિર્વાણતંત્ર ૮-૪૫.

રક્ષા કરવી એ સનાતન ધર્મ છે.

कन्याप्येवं पालनीया शिक्षणीयातियत्नतः ।
देया वराय विदुषे धनरत्नसमन्विता ॥ २ ॥

કન્યાનું પણ એ પ્રમાણે પાલન કરવું, અતિ યત્નથી શિક્ષા આપવી અને તેને ધનરત્નની સાથે સુપંડિત વરને આપવી.

यादृग्गुणेन भर्त्रा स्त्री संयुज्येत यथाविधि ।
तादृग्गुणा सा भवति समुद्रेणेव निम्नगा ॥३॥

સ્ત્રી જેવા ગુણવાળા પતિની સાથે વિધિ પૂર્વક સંયોગ પામે છે તેવી ગુણવાળી થાય છે, જેમ નદી સમુદ્રની સાથે મળીને ખારી થઇ જાય છે.

अज्ञातपतिमर्य्यादामज्ञातपतिसेवनां ।
नोद्वाहयेत् पिता बालामज्ञातधर्म्मशासनां ॥४॥

કન્યા જ્યાં સુધી પતિ મર્યાદા તથા પતિ સેવા ન જાણે અને ધર્મશાસનથી અજાણી રહે, ત્યાં સુધી પિતાએ તેનો વિવાહ કરવો નહિ.

नकन्यायाःपिताविद्वान्गृह्णीयात्शुल्कमण्वपि ।
गृह्णन् शुल्कं हि लोभेन स्यान्नरोऽपत्यविक्रयी ॥५

---

૨ મહનિર્વાણતંત્ર ૮–૪૬. ૩ મનુસ્મૃતિ.
૪ મહાનિર્વાણતંત્ર. ૫ મનુસ્મૃતિ.

વિદ્વાન્ પિતાએ કન્યાનું કાંઇ પણ મૂલ્ય લેવું નહિ. લોભથી જો લે તો તે સંતાનને વેચનારો થાયછે.

चतुर्थोऽध्यायः

न तेन वृद्धोभवति येनास्य पलितं शिरः ।
योवै युवाप्यधीयानस्तं देवाः स्थविरं विदुः॥१॥

માથાના વાળ ધોળા થયાથીજ વૃદ્ધ થવાય છે એમ નથી યુવા હોવા છતાં જો માણસ વિદ્વાન્ હોય તો તેને દેવતાઓ વૃદ્ધ કહે છે.

मौनान्न स मुनिर्भवति नारण्यवसनान्मुनिः ।
स्वलक्षणन्तु योवेद समुनिः श्रेष्ठ उच्यते ॥२॥

મૌન રાખવાથી કોઇ મુનિ થતો નથી. અરણ્યમાં રહેવાથી પણ કોઇ મુનિ થતો નથી. પરંતુ જે પોતાનાં લક્ષણ જાણે છે. તેજ શ્રેષ્ઠ મુનિ છે.

नात्मानमवमन्येत पूर्व्वाभिरसमृद्धिभिः ।
आमृत्योः श्रियमन्विच्छेन्नैनां मन्येत दुर्लभां ॥३॥

પૂર્વ ધન સંપત્તિ નથી એવું સમજીને પોતાનો ધિક્કાર કરવો નહિ. મરણ સુધી ધન સંપત્તિ મેળ-

---

૧ મનુ ૨-૧૫૬. ૨ ઉદ્યોગ ૪૩-૬૮૧ ૩ મનુસ્મૃતિ.

વવાનો યત્ન કરવો. એ દુર્લભ છે એવું મનમાં લાવવું નહિ.

सर्व्वं परवशं दुःखं सर्व्वमात्मवशं सुखं ।
एतद्विद्यात् समासेन लक्षणं सुखदुःखयोः ॥४॥

જે કંઈ પરાધીન છે તે દુઃખનું કારણ છે, સ્વાધીન એ સર્વ સુખનું કારણ છે, સંક્ષેપમાં સુખ દુઃખનું એ લક્ષણ સમજવું.

नोच्छिन्द्यादात्मनोमूलं परेषां चाति तृष्णया ।
उच्छिन्दन् ह्यात्मनोमूलमात्मानं तांश्च पीडयेत्५

પોતાનાં અને પારકાનાં લોભથી ધનનો નાશ કરવો નહિ. કારણ કે પોતાનાં અને પારકાનાં ધનનો નાશ કર્યાથી પોતાને તથા પારકાને પીડા થાય છે.

युवैव धर्म्मशीलः स्यात् अनित्यं खलु जीवितं ।
कोहि जानाति कस्याद्य मृत्युकालोभविष्यति६

યૌવન કાલથીજ ધર્મશીલ થવું જોઈયે, જીવન કદી નિત્ય નથી, કોણ જાણે આજે કોનું મૃત્યુ થશે.

सुवृत्तः [illegible]लसम्पन्नः प्रसन्नात्मात्मविद्बुधः ।
प्राप्येहलोके सन्मानं सुगतिं प्रत्य गच्छति ॥७॥

જે બુદ્ધિમાન્, સચ્ચરિત્ર, સુશીલ, પ્રશન્નાત્મા

---

૪ અનુ ૪-૧૬૦.   ૬ શાંતિ ૧૭૫-૬૫૩૭.

તથા બ્રહ્મજ્ઞાની છે, તે આલોકમાં સન્માન મેળવીને પરલોકમાં સદ્દગતિને પ્રાપ્ત થાય છે.

यस्य वाङ्मनसी स्यातां सम्यक् प्रणिहितेसदा ।
तपस्त्यागश्च सत्यञ्च सवै परमवाप्नुयात् ॥८॥

જેની વાણી અને મન સર્વદા ઉત્તમરૂપે સંયત હોય છે, અને જે તપસ્યા, દાન તથા સત્યનું અનુષ્ઠાન કરે છે તે પરમપદને પ્રાપ્ત થાય છે.

धर्म्मेनित्यः प्रशान्तात्मा कार्य्ययोगवहः सदा ।
नाधर्म्मे कुरुते बुद्धिं न च पापे प्रवर्त्तते ॥९॥

જે પ્રશાન્તાત્મા ધર્મનો નિત્ય આશ્રય કરીને કર્મમાં સર્વદા તત્પર હોય છે તે અધર્મની આલોચના કરતો નથી અને પાપમાં પણ પ્રવૃત્ત થતો નથી.

धर्म्मार्थौ यः परित्यज्य स्यादिन्द्रियवशानुगः ।
श्रीप्राणधनदारेभ्यः क्षिप्रं सपरिहीयते ॥१०॥

જે મનુષ્ય ધર્મ અને અર્થનો ત્યાગ કરીને ઇન્દ્રિયના આધીન થાય છે તે લક્ષ્મીથી, પ્રાણથી, ધનથી અને સ્ત્રીથી જલદી પરિચ્યુત થાય છે.

बन्धुरात्मात्मनस्तस्य येनैवात्मात्मनाजितः ।
सएव देवतो बंधुः सएव नियतोरिपुः ॥११॥

---

૮ શાંતિ ૧૭૫–૬૫૫. ૧૧ ભગવદ્ગીતા.

આત્માથી જે આત્મા વશીભૂત થયો છે તે આત્માજ આત્માનો બંધુ છે. આત્માજ હમેશાંનો મિત્ર છે અને આત્માજ હમેશાંનો રિપુ છે.

प्राप्य चाप्युत्तमं जन्म लब्ध्वा चेन्द्रियसौष्ठवं ।
न वेत्त्यात्महितं यस्तु सभवेदात्मघातकः ॥१२॥

ઉત્તમ મનુષ્ય જન્મ મેળવીને અને સુંદર ઇંદ્રિયને મેળવીને જે માણસે આત્મહિત ન જાણ્યું, તે આત્મઘાતી થાય છે.

पूर्व्वे वयसि तत् कुर्य्यात् येनवृद्धः सुखं वसेत् ।
यावज्जीवेन तत् कुर्य्यात् येनामुत्र सुखं वसेत्१३

પ્રથમ વયમાં એવું કર્મ કરવું કે જેનાથી વૃદ્ધ અવસ્થામાં સુખથી રહી શકિયે અને જીવતા સુધી તેવું કર્મ કરવું કે જેનાથી પરલોકમાં સુખી થઇ શકિયે.

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितं ।
कालमेव प्रतीक्षेत निर्देशं भृतकोयथा ॥ १४ ॥

મરવાની ઇચ્છા કરવી નહિ અને જીવવાની ઇચ્છા કરવી નહિ પણ ચાકર જેમ સ્વામીની આજ્ઞાની વાટ જોયા કરેછે તેમ સમયની વાટ જોતા રહેવું.

---

૧૩ ઉદ્યોગ ૩૪-૨૫૦. ૧૪ મનુસ્મૃતિ.

पञ्चमोऽध्यायः

सन्तोषं परमास्थाय सुखार्थी संयतोभवेत् ।
सन्तोषमूलं हि सुखं दुःखमूलं विपर्य्ययः ॥१॥

સુખાર્થી મનુષ્યે સંતોષ રાખીને નિયમમાં રહેવું. સંતોષ સુખનું મૂળ છે; અસંતોષ દુઃખનું કારણ છે.

असन्तोषपरामूढाः सन्तोषं यान्ति पण्डिताः ।
अन्तोनास्ति पिपासायाः सन्तोषः परमं सुखं २

મૂઢ મનુષ્યો અસંતોષપરાયણ થાય છે, પંડિતો નિરંતર સંતુષ્ટ રહે છે, તૃષ્ણાનો અંત નથી, સંતોષ પરમ સુખ છે.

सुखदुःखं हि पुरुषः पर्य्यायेणोपसेवते ।
सुखमापतितं सेवेत् दुःखमापतितं वहेत् ॥३॥

મનુષ્ય અનુક્રમથી સુખ દુઃખ ભોગવતો રહે છે, સુખ આવે ત્યારે સુખને સેવવું અને દુઃખ આવે ત્યારે દુઃખને સહન કરવું.

न नित्यं लभते दुःखं न नित्यं लभते मुखम् ।
शरीरमेवायतनं दुःखस्य च सुखस्य च ॥४॥

---

૧ મનુ ૪-૧૨. ૨ વન ૨-૪૫.
૩ વન ૨૫૮-૧૩. ૪ શાંતિ ૧૭૪-૬૪૭૭.

નિરંતર દુઃખ હોતું નથી, તેમ નિરંતર સુખ પણ મળતું નથી. શરીર સુખ અને દુઃખ એ બંનેનું સ્થાનજ છે.

सुखं वा यदि वा दुःखं प्रियं वा यदि वाप्रियं ।
प्राप्तं प्राप्तमुपासीत हृदयेनापराजिता ॥ ५ ॥

સુખ હો અથવા દુઃખ હો, પ્રિય હો અથવા અપ્રિય હો, જે આવે તેને અપરાજીત ચિત્તથી સેવવું.

प्रिये नातिभृशं हृष्येदप्रिये न च संज्वरेत् ।
न मुह्येदर्थकृच्छ्रेषु न च धर्म्मं परित्यजेत् ॥६॥

પ્રિય લાભ થયાથી ઘણું હષ્ટ થવું નહિ અને અપ્રિય બનાવ બન્યાથી પણ મુઝાવવું નહિ. ધનનું દુઃખ થયાથી મૂઢ થવું નહિ અને ધર્મનો ત્યાગ કરવો નહિ.

सन्तापात् भ्रश्यते रूपं सन्तापात् भ्रश्यते बलम् ।
सन्तापात्भ्रश्यते ज्ञानं सन्तापाद्व्याधिमृच्छति७

સંતાપથી રૂપ જાય છે, સંતાપથી બળ જાય છે સંતાપથી જ્ઞાન જાય છે અને સંતાપથી વ્યાધિ પ્રાપ્ત થાય છે.

---

૫ શાંતિ ૧૭૪-૬૪૯૬. ૭ ઉદ્યોગ ૩૫-૧૬૦૩.

षष्ठोऽध्यायः

स्वीयं यशः पौरुषञ्च गुप्तये कथितञ्च यत् ।
कृतं यदुपकाराय धर्म्मज्ञो न प्रकाशयेत् ॥१॥

પોતાનો યશ તથા પરાક્રમ અને બીજાએ ગુપ્ત કહેલી વાત અને પારકાના ઉપકારને માટે પોતાથી જે કામ થયું હોય તે ધર્મજ્ઞ મનુષ્યે પ્રકટ કરવું નહિ.

सत्यं मृदु प्रियं वाक्यं धीरोहितकरं वदेत् ।
आत्मोत्कर्षं तथा निन्दां परेषां परिवर्ज्जयेत् ॥२॥

ધીર પુરુષે સત્ય, મૃદુ, પ્રિય અને હિતકર વાક્ય બોલવું અને આત્મ પ્રશંસા તથા પરનિંદાનો પરિત્યાગ કરવો.

सत्यमेव व्रतं यस्य दया दीनेषु सर्व्वदा ।
कामक्रोधौ वशे यस्य तेन लोकत्रयं जितं ॥३॥

જેને સત્ય વ્રત છે, સર્વદા દીનો ઉપર દયા છે અને કામ ક્રોધ વશીભૂત છે તેણે ત્રૈલોક્ય જીતી લીધું છે.

विरक्तः परदारेषु निस्पृहः परवस्तुषु ।
दम्भमात्सर्य्यहीनोयस्तेन लोकत्रयं जितम् ॥४॥

---

૧ મહાનિર્વાણ ૮–૫૬. ૨ મહાનિર્વાણ ૮–૬૨.
૩ મહાનિર્વાણતંત્ર ૮–૬૭. ૪ મહાનિર્વાણતંત્ર ૮–૬૬.

જે પરસ્ત્રીથી વિરક્ત છે, પરદ્રવ્યથી નિઃસ્પૃહ છે અને દંભમાત્સર્યથી રહિત છે તેણે ત્રૈલોક્ય જીત્યું છે.

न बिभेति रणाद्‌योवै संग्रामेऽप्यपराङ्मुखः ।
धर्म्मयुद्धे मृतोवापि तेन लोकत्रयं जितम् ॥५॥

યુદ્ધમાં જે ભય કરતો નથી, સંગ્રામમાં જે પરાઙ્મુખ થતો નથી, ધર્મ યુદ્ધમાં જે મરણ પામે છે તેણે ત્રિલોક જીત્યું છે.

सत्यं ब्रुयात् प्रियं ब्रुयात् न ब्रुयात् सत्यमप्रियं ।
प्रियञ्च नानृतं ब्रुयादेषधर्मः सनातनः ॥६॥

સત્ય કહેવું તથા પ્રિય કહેવું, પરંતુ અપ્રિય સત્ય કહેવું નહિ, અને પ્રિય અસત્ય પણ કહેવું નહિ; એ સનાતન ધર્મ છે.

अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति ।
विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति ॥७॥

પાણીથી શરીર શુદ્ધ થાય છે, સત્યથી મન શુદ્ધ થાય છે, વિદ્યા અને તપસ્યાથી આત્મા શુદ્ધ થાય છે અને જ્ઞાનથી બુદ્ધિ શુદ્ધ થાય છે.

योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते ।
किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ॥८॥

---

૫ મહાનિર્વાણતંત્ર ૮–૬૫ ૭ મનુ ૫–૧૦૯.

જે મનુષ્ય એક પ્રકારનો હોવા છતાં પોતાને બીજા પ્રકારનો કહે છે, ને આત્માપહારી ચોરથી કયું પાપ ન થાય ?

नास्ति सत्यसमाधर्म्मो न सत्याद्विद्यते परं ।
न हि तिव्रतरं किञ्चिदनृतादिहाविद्यते ॥९॥

સત્યના જેવો બીજો ધર્મ નથી, અને સત્યના જેવી બીજી સારી વસ્તુ પણ કંઈ નથી; આ લોકમાં અસત્યના જેવો તીક્ષ્ણ પદાર્થ બીજો કોઈજ નથી.

प्रियोभवति दानेन प्रियवादेन चापरः ।
अप्रयस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः १०

કોઈ દાનથી પ્રિય થાય છે, કોઈ પ્રિય વાક્યથી પ્રિય થાયછે; પરંતુ અપ્રિય હિત વચનનો કહેનાર અને સાંભળનાર દુર્લભ હોય છે.

सप्तमोऽध्यायः

समक्षदर्शनात साक्ष्यं श्रवणाच्चैव सिध्यति ।
तत्र सत्यं ब्रुवन् साक्षी धर्म्मार्थाभ्यां न हीयते १

સાક્ષાત્ જોયાથી તથા સાંભળવાથી સાક્ષી અપાય છે, સાક્ષી થઈને સત્ય કહ્યાથી ધર્માર્થથી ભ્રષ્ટ થતો નથી.

यथाश्रुतं यथादृष्टं सर्व्वमेवाञ्जसा वद ।
सत्येन पुयते साक्षी धर्म्मः सत्येन रक्ष्यते ॥ २ ॥

જે કંઇ જોયું હોય અથવા સાંભળ્યું હોય તે ખરેખરું કહેવું. સત્ય ભાષણથી સાક્ષી પવિત્ર થાય છે અને ધર્મની રક્ષા થાય છે.

यस्य विद्वान् हि वदतः क्षेत्रज्ञोनाभिशङ्कते ।
तस्मान्न देवाः श्रेयांसं लोकेऽन्यं पुरुषं विदुः ॥३

જે સાક્ષીનો સચેતન આત્મા ખોટું બોલે નહિ તેને દેવતા આ લોકમાં સર્વથી શ્રેષ્ઠ જાણે છે.

एकोहमस्मीत्यात्मानं यच्चं कल्याण मन्यसे ।
नित्यं स्थितस्ते हृद्येषपुण्यपापेक्षिता मुनिः ॥४॥

હે ભદ્ર! હું એકલો છું એમ તું મનમાં સમજે છે પણ એમ સમજીશ નહિ કારણ કે પુણ્ય પાપ જોનારો પુરુષ તારા હૃદયમાં સર્વદા રહે છે.

अष्टमोऽध्यायः

यत् कल्याणमभिध्यायेत् तत्रात्मानं नियोजयेत् ।
न पापे प्रतिपापः स्यात् साधुरेव सदा भवेत् १

---

४ मनु ८-९१.

જેને સારૂં ધારિયે તેમાં ચિત્ત જોડવું, પાપીના પ્રતિ પાપાચરણ કરવું નહિ; સર્વદા સાધુ રહેવું.

अक्रोधेन जयेत् क्रोधसाधुं साधुना जयेत् ।
जयेत् कदर्य्यं दानेन जयेत् सत्यानृतं ॥ २ ॥

ક્ષમાથી ક્રોધનો જય કરવો, સાધુતાથી અસાધુનો જય કરવો, ઉપકારથી અપકારીનો જય કરવો; અને સત્યથી અસત્યનો જય કરવો.

कुशलः सुखदुःखेषु साधुंश्चाप्युपसेवते ।
सत्यसाधुसमारम्भात् बुद्धिर्धर्म्मेषु राजते ॥३॥

જે સુખ દુઃખમાં અચલ રહે છે, અને સાધુ સેવા કરે છે, સત્ય એને સારા કામથી તેની બુદ્ધિ ધર્મ માર્ગમાં પ્રકાશ આપે છે.

मोहजालस्य योनिर्हि मूढैरेव समागमः ।
अहन्यहनि धर्म्मस्य योनिः साधुसमागमः ॥४॥

મૂઢનો સમાગમ કેવળ મોહ ઉત્પન્ન કરનાર છે, નિત્ય સાધુ સમાગમ કેવળ ધર્મનો ઉત્પાદક છે.

यस्तु निःश्रेयसं वाक्यं मोहान्न प्रतिपद्यते ।
सदीर्घसूत्रोहीनार्थः पश्चात्तापेन युज्यते ॥ ५ ॥

જે માણસ મોહના કારણથી હિત વાક્ય ગ્રહણ

---

૨ ઉદ્યોગ ૩૯–૫૧૯.   ૪ વનપર્વ ૧–૨૨.

કરતો નથી, તે દીર્ઘસૂત્રી થઇને પુરુષાર્થથી ભ્રષ્ટ થાય થાય છે અને ત્યારબાદ સંતાપ કરે છે.

सतां मतमतिक्रम्य योऽसतां वर्त्तते मते ।
शोचन्ते व्यसने तस्य सुहृदो न चिरादिव ॥६॥

જે માણસ સાધુઓના અભિપ્રાયને તુચ્છ કરીને અસાધુઓના મતનું અવલંબન કરે છે, તેના મિત્રો તેને વિપદમાં આવેલો જોઇને શોક કરે છે.

अविसंवादकोदक्षः कृतज्ञो मतिमानृजुः ।
कीर्तिञ्च लभते लोके न चानर्थेन युज्यते ॥७॥

જે અવિવાદી, કાર્ય કરવાને શક્તિમાન્, કૃતજ્ઞ, બુદ્ધિમાન્ અને સરળ છે તે ભૂમંડળમાં કીર્તિ મેળવે છે અને તે કોઇ અનર્થ કામમાં લાગતો નથી.

कुतः कृतघ्नस्य यशः कुतः, स्थानं कुतः सुखं ।
अश्रद्धेयः कृतघ्नोहि कृतघ्ने नास्ति निष्कृतिः ॥८॥

કૃતઘ્નનો યશ ક્યાં? સ્થાન વળી ક્યાં? સુખ પણ ક્યાં? કૃતઘ્નની નિષ્કૃતિ નથી.

नवमोऽध्यायः

संविभक्ता च दाता च भोगवान् सुखवान्नरः ।

भवत्यहिंसकश्चैव परमारोग्यमश्नुते ॥ १ ॥

જે ખાવા પીવાની વસ્તુના ભાગ કરીને બીજાની સાથે ખાય પિયે છે, અને દાનશીલ ભોગવાન્ સુખવાન્ તથા અહિંસક હોય છે તે પરમ આરોગ્ય ભોગવે છે.

पात्रस्य हि विशेषेण श्रद्दधानतयैव च ।
अल्पं वा बहु वा प्रेत्य दानस्यावाप्यते फलं ॥२॥

દાતા પોતાની શ્રદ્ધા મુજબ અને પાત્રની યોગ્યતા મુજબ દાનનું થોડું અથવા ઘણું ફલ લોકાન્તરમાં મેળવે છે.

दानान्न दुष्करं तात पृथिव्यामस्ति किञ्चन ।
अर्थे च महती तृष्णा सच्च दुःखेन लभ्यते ॥३॥

હે ભાઇ! ભૂમંડલમાં દાનના જેવું દુષ્કર કર્મ બીજું કંઇ નથી, કારણ કે પૈસા ઉપર લોકોની ઘણી મમતા છે, અને પૈસા ઘણું દુઃખ વેઠિયાથી મળે છે.

अन्यायात् समुपात्तेन दानधर्म्मोधनेन यः ।
क्रियते न स कर्त्तारं त्रायते महतोभयात् ॥४॥

બીજાએ મેળવેલા પૈસાથી જે દાન ધર્મ કરવામાં આવે છે તેનાથી દાતાને પાપ રૂપી મોટા ભયથી પરિત્રાણ કરી શકાતો નથી.

---

૪ વન ૨૫૮–૩૨.

न्यायोपार्जितवित्तेन कर्त्तव्यं ज्ञानरक्षणम् ।
अन्यायेन तु योजीवेत् सर्व्वधर्म्मबहिष्कृतः ॥५॥

ન્યાયથી મેળવેલા ધનની કર્ત્તવ્ય જ્ઞાનથી રક્ષા કરવી. અન્યાય આચરણથી જે જીવિકા મેળવે છે, તે સર્વ ધર્મથી બહિષ્કૃત થાય છે.

शक्त्यान्नदानं सततं तितिक्षा धर्म्मनित्यता ।
यथार्हं प्रतिपूजा च सर्व्वभूतेषु वै सदा ॥६॥

યથા શક્તિ સર્વદા અન્નદાન કરવું, સર્વદા તિ-તિક્ષા રાખવી, અને નિત્ય ધર્માનુષ્ઠાન કરવું, અને સર્વદા સર્વના ઉપર યથોચિત સમાદર દેખાડવો.

देयमार्त्तस्य शयनं परिश्रान्तस्य चासनं ।
तृषितस्य च पानीयं क्षुधितस्य च भोजनं ॥७॥

રોગીને બિછાનું થાકેલાને, આસન, તરસ્યાને પાણી અને ભુખ્યાને ભોજન આપવું.

अन्नदः सुखमाप्नोति सुतृप्तः सर्व्ववस्तुषु ।
भूमिदानात् परं नास्ति विद्यादानं ततोऽधिकं ॥८

જે અન્નદાન કરે છે, તે બીજી વસ્તુના દાતાના કર-તાં તૃપ્ત થઇને સુખ મેળવે છે, ભૂમિ દાનના જેવું બીજું કોઇ દાન નથી, વિદ્યા દાન તેનાથી પણ ઉત્કૃષ્ટ છે.

---

૭ વન ૨૯—૩૬૨૮.

औषधं पथ्यमाहारं स्नेहाभ्यङ्गं प्रतिश्रयं ।
दानान्येतानि देयानि ह्यन्यानिच विशेषतः ।
दीनान्धकृपणादिभ्यः श्रेयस्कामेन धीमता ॥९॥

શ્રેયોભિલાષી ધીમાને દીન આંધળા વગેરે કૃપાપાત્રને ઔષધ, પથ્ય ભોજન, સ્નેહ અને જગા આપવી અને બીજા દાન પણ આપવા.

शक्तः परजने दाता स्वजन दुःखजीविनि ।
मध्वापातोविषास्वादः सधर्म्मप्रतिरूपकः ॥१०॥

જે દુઃખવાળાં સ્ત્રી પુત્ર સ્વજનનો પરિત્યાગ કરીને પારકાને દાન આપે છે તેનું દાન ધર્મની પ્રતિરૂપ છે. વાસ્તવિક તે ધર્મ નથી, તે મધુ જેવું સુસ્વાદુ થાય છે ખરૂ પરંતુ તેનું પરિણામ ઝેરના જેવું વગર સ્વાદનું થાય છે.

दशमोऽध्यायः

प्रज्ञया मानसं दुःखं हन्यात् [illegible]धैः ।
न शोचन्ति कृतप्रज्ञाः पश्यन्तः परमाङ्गतिं ॥१॥

જ્ઞાનથી માનસિક દુઃખ અને ઔષધથી શરી-

---

૧૦ મનુસ્મૃતિ.

રનું દુઃખ દૂર કરવું. કૃત બુદ્ધિવાન માણસો પરમ-ગતિને અનુભવ કરીને પછી શોક કરતા નથી.

मानं हित्वा प्रियोभवति क्रोधं हित्वा न शोचति ।
कामंहित्वाऽर्थवान्भवंतिलोभंहित्वासुखीभवेत्२

અભિમાન છોડીને પ્રિય થવું. ક્રોધને છોડીને શોચના શૂન્ય થવું, કામનાને છોડીને અર્થવાન્ થવું, અને લોભનો ત્યાગ કરીને સુખી થવું.

क्रोधः सुदुर्ज्जयः शत्रुर्लोभोव्याधिरनन्तकः ।
सर्व्वभूतहितः साधुरसाधुर्निर्दयः स्मृतः ॥३॥

ક્રોધ એ ઘણો દુર્જય શત્રુ છે, લોભ એ મોટી વ્યાધિ છે, જે સર્વ જીવનો હિત ચાહનાર છે તે સાધુ છે, અને જે નિર્દય છે તે અસાધુ જાણીને ઉક્ત થયું છે.

दान्तः शमपरः शश्वत् परिक्लेशं न विंदति ।
न च तप्यति दान्तात्मा दृष्ट्वा परगतां श्रियं॥४॥

જેને ઇન્દ્રિય તથા મન સંયમ કર્યા છે તેને વારંવાર ક્લેશ સહન કરવું પડતું નથી. શાંત ચિત્તવાળા મનુષ્ય પારકાની લક્ષ્મી જોઇને દુઃખિત થતા નથી.

यईषुः पर वस्तेषु रूपे वीर्य्ये कुलान्वये ।
सुखसौभाग्यसत्कारे तस्य व्याधिरनन्तकः ॥५॥

---

૨ વન ૩૧૨-૧૭૩૬૩.

બીજાના ધનની, રૂપની, વીર્યની, કુલની, સંતાનની, સુખની, સૌભાગ્યની, સત્ક્રિયાની જે માણસ ઇર્ષ્યા કરે છે તેની આધિનો છેડો નથી.

मित्रध्रुक् दुष्टभावश्च नास्तिकोऽथानृजुः शठः ।
गुणवन्तश्च यो द्वेष्टि तमाहुः पुरुषाधमं ॥६॥

મિત્રદ્રોહી, દુષ્ટ સ્વભાવનો, નાસ્તિક, કુટિલ, શઠ અને ગુણવાનનો દ્વેષ કરનારો જે છે તેને જ્ઞાનીઓ નરાધમ કહે છે.

अनर्थमर्थतः पश्यन्नर्थञ्चैवाप्यनर्थतः ।
इन्द्रियैरजितैर्बालः सुदुःखं मन्यते सुखं ॥७॥

જે માણસ ઇન્દ્રિય નિગ્રહ વગરનો છે, બાલકની પેઠે અકાર્યને કાર્ય, અને કાર્યને અકાર્ય રૂપથી જાણે છે તે અત્યંત દુઃખને સુખ સમજે છે.

एकादशोऽध्यायः

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधोदशकं धर्म्मलक्षणं ॥१॥

ધર્મ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ ઇન્દ્રિય નિ-

---

१ मनु ६-९२.

અહ બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ એ દશ ધર્મનાં લક્ષણ છે.

ह्रीमान् हि पापं प्रद्वेष्टि तस्य श्रीरभिवर्द्धते ।
ह्रीर्हता बाधते धर्म्मं धर्म्मोहन्ति हतः श्रियं ॥२॥

લજ્જાવાન્ મનુષ્ય પાપનો દ્વેષ કરે છે, તેની લક્ષ્મીની વૃદ્ધિ થાય છે; લજ્જાનો નાશ થયાથી ધર્મમાં હરકત ઉપજે છે અને ધર્મની હાનિ થયાથી શ્રીનો નાશ થાય છે.

अनसूयुः कृतज्ञश्च कल्याणानि च सेवते ।
सुखानि धर्म्ममर्थञ्च स्वर्गञ्च लभते नरः ॥३॥

જે અસૂયા વગરનો અને કૃતજ્ઞ છે. તથા સારા કર્મ કરે છે, તે સુખ, ધર્મ, અર્થ અને સ્વર્ગ મેળવે છે.

सर्व्वोदण्डजितोलोकोदुर्लभोहि शुचिर्नरः ।
दण्डस्य हि भयात् सर्व्वं जगत्भोगाय कल्पते ४

બધા લોક કેવળ દંડ ભયથી ખરે રસ્તે ચાલે છે, સ્વાભાવિક વિશુદ્ધ સ્વભાવવાળા મનુષ્ય અતિ વિરલ છે કેવળ દંડના શાસનથી સમુદાય જગત્ આવશ્યક ભોજનાદિ ભોગવે છે.

अधर्म्मदण्डनं लोके यशोघ्नं कीर्त्तिनाशनं ।

---

४ मनु ६–२२.

अस्वर्ग्यञ्च परत्रापि तस्मात्तत् परिवर्ज्जयेत् ॥५॥

જે પોતાની ઈચ્છાથી ખોટોજ દંડ કરે છે તેનો આલોકમાં યશ નાશ પામે છે અને પરલોકનું સુખ નષ્ટ થાય છે માટે એવો દંડ કરવો ઘટીત નથી.

क्षमा वशीकृतिर्लोके क्षमा हि परमं धनं ।
क्षमा गुणोह्यशक्तानां शक्तानां भूषणं क्षमा ॥६॥

ક્ષમાથી લોક વશીભૂત થાય છે, ક્ષમા પરમ ધન છે, ક્ષમા શક્તિ હીન મનુષ્યનો ગુણ છે ને શક્તિ સંપન્ન મનુષ્યનું ભૂષણ છે.

यथैवात्मा परस्तद्वत् द्रष्टव्यः शुभमिच्छता ।
सुखदुःखानि तुल्यानि यथात्मानि तथा परे ॥७॥

શુભાકાંક્ષી મનુષ્ય જેમ પોતાની તરફ જુવે છે તેમ તેને પારકાની તરફ પણ જોવું, કારણ કે પોતાની પેઠે સર્વને સુખ દુઃખ જણાય છે.

मातृवत् परदारांश्च परद्रव्याणि लोष्टवत् ।
आत्मवत् सर्व्वभूतानि यः पश्यति सपश्यति ॥८

જે પરસ્ત્રીને મા સમાન, પરદ્રવ્યને માટીના ઢેપા સમાન, અને સર્વ પ્રાણીને પોતાની સમાન જુવે છે તેજ યથાર્થ જુવે છે.

---

૫ મનુ ૮-૧૨૭. ૬ ઉદ્યોગ ૩૨-૧૦૩૦.

द्वादशोऽध्यायः

अन्यान् परिवदन् साधुर्यथा हि परितप्यते ।
तथा परिवदन्नन्यांस्तुष्टोभवाति दुर्जनः ॥ १ ॥

બીજાને કષ્ટ આપ્યાથી સાધુ મનુષ્ય જેમ સં-તપ્ત થાયછે તેમ દુર્જન મનુષ્ય બીજાને કષ્ટ આ-પ્યાથી સંતુષ્ટ થાય છે.

विपत्तिष्वव्यथोदक्षोनित्यमुत्थानवान्नरः ।
अप्रमत्तोविनीतात्मा नित्यं भद्राणि पश्यति ॥२॥

જે વિપત્ કાલે વ્યથિત થતો નથી, જે કર્મમાં ચતુર છે, સદા ઉદ્યોગી છે, પ્રમાદ વગરનો છે અને વિનીત સ્વભાવનો છે તે સર્વદા કુશલ જુવે છે.

वहवोऽविनयान्नष्टाराजानः सपरिच्छदा; ।
वनस्थाअपि राज्यानि विनयात् प्रतिपेदिरे ॥३॥

અવિનય દોષથી ઘોડા રથાદિ ઘણા પોશાકવાળા ઘણા રાજા નષ્ટ થયા છે. ઘણાએ વનવાસી હોવા છતાં પણ વિનય ગુણથી રાજ્ય મેળવ્યાં છે.

यत्कर्म्मकुर्व्वतोऽस्यस्यात्परितोषोऽन्तरात्मनः।
तत् प्रयत्नेन कुर्वीत:विपरितन्तु वर्ज्जयेत् ॥४॥

જે કર્મ કર્યાથી અન્તરાત્મને સુખ થાય તે ઘણા

આદરની સાથે કરવું તેનાથી વિપરીત કર્મનો પરિ-
ત્યાગ કરવો.

धर्म्मकार्य्ये यतन् शक्त्या नोचेत् प्राप्नोतिमानवः।
प्राप्तोभवति तत् पुण्यमत्र मे नास्ति संशयः ॥५॥

મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે કોઇ ધર્મ કાર્ય કરવાનો યત્ન કરતા તે સંપૂર્ણ ન થાય તથાપિ તેને માટે પુણ્ય મેળવે છે, એમાં મારો કંઇ સંદેહ નથી.

त्रयोदशोऽध्यायः

इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेत् विद्वान् यन्तेव वाजिनां ॥१॥

જેમ સારથિ ઘોડાને પોતાને વશીભૂત કરે છે તેમ જ્ઞાની મનુષ્યે મોહમય વિષયમાં પ્રવૃત ઇન્દ્રિયોને સંયમમાં રાખવાનો યત્ન કરવો.

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥२॥

જો મન સ્વેચ્છાચારી ઇન્દ્રિયોને અનુસરે છે તો તે મન, વાયુ જેમ નૌકાને પાણીમાં તાણી જાય છે તેમ મનુષ્યની બુદ્ધિને હરી જાય છે.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूयएवाभिवर्द्धते ॥ ३ ॥

કામ્ય વસ્તુના ઉપભોગથી કામનાની કદી પણ શાંતિ થતી નથી ઉલટું જેમ અગ્નિમાં ઘી નાંખ્યાથી અગ્નિ વધે છે છેમ તેની વૃદ્ધિ થાય છે.

इन्द्रियाणान्तु सर्व्वेषां यद्येकं क्षरतीन्द्रियं ।
तेनास्य क्षरति प्रज्ञा हृतेः पादादिवोदकं ॥४॥

સર્વ ઇન્દ્રિયમાં જો એક ઇન્દ્રિયનું સ્ખલન થાય તો તેથી માણસની બુદ્ધિ ભ્રંશ પામે છે; જેમ ચ-મના વાસણમાં એક માત્ર છિદ્ર હોય તો સઘળું પાણી નીકળી જાય છે.

न तथैतानि शक्यन्ते संनियन्तुमसेवया ।
विषयेषु प्रजुष्टानि यथा ज्ञानेन नित्यशः ॥५॥

જેમ જ્ઞાનની આજ્ઞાથી યથા યોગ્ય વ્યવહાર કર્યાની વિસયાસક્ત ઇન્દ્રિયોને વશીભૂત રાખી શકાય છે તેમ ભોગ પરિત્યાગ કરવાથી વશીભૂત રાખી શકાતાં નથી.

अविद्वांसमलं लोके विद्वांसमपि वा पुनः ।
प्रमदाह्युत्पथं नेतुं कामक्रोधवशानुग ॥६॥

આ સંસારમાં કામ ક્રોધને વશીભૂત માણસો

ચાહેતો વિદ્વાન્ હોય અથવા ચાહેતો અવિદ્વાન્ હોય તોપણ કામિનીઓ તેઓને વિપથગામી કરવાને સમર્થ થાય છે.

वशे कृत्वेन्द्रियग्रामं संयम्य च मनस्तथा ।
सर्व्वान् संसाधयेदर्थानक्षिण्वन् योगतस्तनुं ॥७

જેનાથી શરીર ક્ષીણ ન થાય, એવા ઉપાયથી મન અને ઇન્દ્રિયોને વશીભૂત રાખીને સર્વાર્થ સાધન કરવું.

चतुर्दशोऽध्यायः

यदा न कुरुते पापं सर्व्वभूतेषु कर्हिचित् ।
कर्म्मणा मनसा वाचा ब्रह्म सम्पद्यते तदा ॥१॥

જ્યારે મનુષ્ય કોઇ પ્રાણીના પ્રતિ કર્મથી, મનથી અને વાક્યથી કદાપિ પાપાચરણ કરતો નથી, ત્યારે તે બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

पुण्यंकुर्व्वन्पुण्यकीर्त्तिः पुण्यस्थानं स्मगच्छति ।
पुण्यं प्राणान् धारयाति पुण्यं प्राणद उच्यते ॥२॥

મનુષ્ય પુણ્યનું કામ કર્યાની પવિત્ર કીર્ત્તિ મેળવે

---

૧ આદિ ૭૫-૩૧૭૭.

છે, પુણ્યલોકમાં જાય છે, પુણ્ય જીવનો પ્રાણ ધારણ કરે છે અને પુણ્યદાતા કહેવાય છે.

पापं चिन्तयते चैव ब्रवीति च करोति च ।
तस्याधर्म्मे प्रविष्टस्य गुणानश्यन्ति साधवः ॥३

જે મનુષ્ય અધર્મમાં લાગીને પાપની ચિંતા કરે છે, પાપની વાતચિત કરે છે, પાપનું કામ કરે છે, તેના સઘળા સદ્‌ગુણ નાશ પામે છે.

ये पापानि न कुर्व्वन्ति मनोवाक्कर्म्मबुद्धिभिः ।
ते तपन्ति महात्मानो न शरीरस्य शोषणं ॥४॥

જેઓ મનથી, કર્મથી અને બુદ્ધિથી પાપાચરણ કરતા નથી તે મહાત્મા તપસ્યા કરે છે, જેઓ શારીરનું શોષણ કરે છે તેઓ તપસ્યા કરતા નથી.

प्राज्ञो धर्म्मेण रमतेधर्मञ्चैवोपजीवति ।
धर्म्मात्मा भवतिह्येव चित्तञ्चस्य प्रसीदति॥५॥

બુદ્ધિમાન્ મનુષ્ય ધર્મમાં રમણ કરે છે અને ધર્મ પથની જીવિકા મેળવે છે, આવી રીતે મનુષ્ય ધર્માત્મા થાયછે અને એનું ચિત્ત આનંદિત થાયછે.

यस्यात्मा विरतः पापात् कल्याणे च निवेशितः।
तेन सर्व्वमिदं बुद्धं प्रकृतिर्विकृतिश्च या ॥६॥

---

૩ વન ૨૪૯–૩૩૯૦૬. ૪ વન ૧૯૯–૧૩૪૪૯.

જેનો આત્મા પાપથી વિરત થયો છે અને શુભ કામમાં રત થયો છે, તે જાણે છે કે સ્વભાવ-સિદ્ધ શું છે અને અસ્વભાવસિદ્ધ શું છે.

प्रज्ञाचक्षुर्नरं इह दोषान्नैवानुरुध्यते ।
विरज्यते यथाकामं न च धर्म्मं विमुञ्चति ॥७॥

જે મનુષ્યે જ્ઞાનનેત્ર મેળવ્યું છે તે કોઇ દોષથી આબદ્ધ થતો નથી. તે પોતાની ઇચ્છા પ્રમાણે રાગ પરિત્યાગ કરે છે પરંતુ ધર્મને છોડતો નથી.

वार्य्यमाणोऽपि पापेभ्यः पापात्मा पापमिच्छति ।
चोद्यमानोऽपि पापेन शुभात्मा शुभमिच्छति ॥८

પાપાત્મા માણસને પાપથી નિવારિત કર્યાથી પણ પાપની ઇચ્છા કરે છે, ધર્મશીલ શુભાત્માને પાપ કર્મમાં પ્રવૃત્તિ આપ્યા છતાં પણ તે કલ્યાણ-ની ઇચ્છા કરે છે.

धर्म्मएव हतोहन्ति धर्म्मोरक्षति रक्षितः ।
तस्माद्धर्मोन हन्तव्योमा नोधर्मोहतीवधीत् ॥९॥

જે મનુષ્ય ધર્મનો નાશ કરે છે, તેને ધર્મ નષ્ટ કરે છે, અને જે ધર્મનું રક્ષણ કરે છે ધર્મ તેની રક્ષા કરે છે. એટલા માટે ધર્મનો નાશ કરવો નહિ. ધર્મહત થયાથી આપણો નાશ કરે છે.

एकएव सुहृद्धर्मोनिधनेऽप्यनुयाति यः ।
शरीरेण समं नाशं सर्व्वमन्यद्धि गच्छति ॥१०॥

મનુષ્યોનો બંધુ એક માત્ર ધર્મ છે, જે મૃત્યુના પછી પણ મનુષ્યનો અનુગામી થાય છે. બીજાં સર્વનો આ શરીરની સાથે વિનાશ થાય છે.

न धर्म्मोऽस्तीति मन्वानाः शुचीनवहसन्ति ये ।
अश्रद्दधानाधर्म्मस्य ते नश्यन्ति न संशयः ॥११॥

ધર્મ નથી એમ માનનારા જેઓ સાધુઓનો ઉપહાસ અને ધર્મના પ્રતિ અશ્રદ્ધા કરે છે, તેઓ નિઃસંદેહ વિનાશ પામે છે.

सुखं ह्यवमतः शेते सुखञ्च प्रतिबुध्यते ।
सुखं चरति लोकेऽस्मिन्नवमन्ता विनश्यति १२॥

અપમાનિત મનુષ્ય સુખથી ઊંઘ કાઢે છે અને સુખીથી જાગે છે અને સુખની સાથે લોકયાત્રા કરે છે; પરંતુ જે અપમાન કરે છે તેનો વિનાશ થાયછે.

पापं कुर्वन् पापकीर्त्तिः पापमेवाश्नुते फलं ।
पुण्यं कुर्व्वन् पुण्यकीर्त्तिः पुण्यमत्यन्तमश्नुते १३

મનુષ્ય પાપાચરણ કર્યાથી અપકીર્તિ મેળવે છે.

---

૧૦ મનુ ૮–૧૭. ૧૧ વન ૨૦૬–૪૫.
૧૨ ઉદ્યોગ ૩૩–૧૨૪૧.

અને અશુભ ફલ ભોગવે છે. પુણ્યાનુષ્ઠાન કર્યાથી સત્કીર્તિ પ્રાપ્ત કરે અને અત્યંત શુભ ફલ ભોગવે છે.

तस्मात् पापं न कुर्व्वीत पुरुषः संशितव्रतः ।
पापं प्रज्ञां नाशयति क्रियमाणं पुनः पुनः ॥१४॥

એટલા માટેજ મનુષ્યે શુભ વ્રત થઇને પાપ કરવું નહિ; વારંવાર પાપ કર્યાથી બુદ્ધિનો નાશ થાય છે.

पञ्चदशोऽध्यायः

निषेवते प्रशस्तानि निन्दितानि न सेवते ।
अनास्तिकः श्रद्दधानएतत् पण्डितलक्षणं ॥१॥

જે પ્રશસ્ત ધર્મનું અનુષ્ઠાન કરે છે અને ખરાબ કર્મનો પરિત્યાગ કરે છે, શ્રદ્ધાવાન્ અને અનાસ્તિક હોય છે તેણેજ જ્ઞાન મેળવ્યું છે.

एकोधर्म्मः परं श्रेयः क्षमैका शान्तिरुत्तमा ।
विद्यैका परमा तृप्तिरहिंसैका सुखावहा ॥२॥

ધર્મજ એક મંગલ સાધન છે, ક્ષમા એક ઉત્તમ શાંતિ છે, વિદ્યા એક પરમ તૃપ્તિ છે, અને અહિંસા એક સુખનું કારણ છે.

---

१४ ઉદ્યોગ ૩૩-૧૨૪૨. २ ઉદ્યોગ ૩૨-૧૦૨૨.

शुभाशुभफलं कर्म्म मनोवाग्देहसम्भवं ।
कर्म्मजागतयोनॄणामुत्तमाधममध्यमाः ॥ ३ ॥

માનસિક, વાચનિક અને શારીરિક એ ત્રય જાતના કર્મથી શુભ અને અશુભ ફલ ઉત્પન્ન થાય છે. મનુષ્યની ઉત્તમ, મધ્યમ અને અધમ ત્રણ પ્રકારની કર્મથી ગતિ થાય છે.

परद्रव्येष्वभिध्यानं मनसाऽनिष्टचिन्तनं ।
वितथाभिनिवेशश्च त्रिविधं कर्म्म मानसं ॥४॥

પરદ્રવ્ય લાભનો વિચાર લોકનું અનિષ્ટ ચિંતન, અને ઈશ્વરમાં તથા પરકાલમાં અવિશ્વાસ; એ ત્રણ જાતના માનસિક કર્મ છે.

पारुष्यमनृतञ्चैव पैशुन्यञ्चापि सर्व्वशः ।
असम्बद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्व्विधं ॥५॥

નિષ્ઠુર વાક્ય, મિથ્યા ભાષણ, પરોક્ષ નિંદા અને અસંબદ્ધ પ્રલાપ વાક્ય, એ ચાર પ્રકારનાં વાચનિક કુકર્મ છે.

अदत्तानामुपादानं हिंसा चैवाविधानतः ।
परदारोप सेवा च शारीरं त्रिविधं स्मृतं ॥६॥

---

૩ મહાભારત. ૪ મહાભારત.
૫ મહાભારત. ૬ મહાભારત.

ચોરી, અવિહિત હિંસા, વ્યભિચાર એ ત્રણ જાતનાં શારીરિક કુકર્મ છે.

त्रिदण्डमेतन्निक्षिप्य सर्व्वभूतेषु मानवः ।
कामक्रोधौ तु संयम्य ततः सिद्धिंनियच्छति॥७॥

સર્વ પ્રાણીના હિતાર્થે પોતાનું મન, વાક્ય, શરીર, એ ત્રણનું દમન કરીને કામ ક્રોધને સંયમ કર્યાથી મનુષ્ય સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

कृत्वा पापं हि सन्तप्य तस्मात् पापात् प्रमुच्यते।
नैवं कुर्य्यां पुनरिति निवृत्त्या पूयते तु सः ॥८॥

પાપ કરી તેને વાસ્તે સન્તપ્ત થયાથી તે પાપથી મુક્ત થવાય છે. એવું કર્મ હવે કરીશ નહિ એવી પ્રતિજ્ઞા કરીને તેનાથી નિવૃત્ત થયાથી તે પવિત્ર થાય છે.

षोडशोऽध्यायः

अधार्म्मिकोनरोयोहि यस्य चाप्यनृतं धनं ।
हिंसारतश्च योनित्यं नेहासौ सुखमेधते ॥१॥

જે મનુષ્ય અધાર્મિકપણાથી અને મિથ્યા કથનથી ધન મેળવે છે. અને જે મનુષ્ય સર્વદા પર-

---

૭ મહાભારત. ૮ મનુ ૧૧—૨૩૦. ૧ મનુ ૪—૧૭૦.

હિંસામાં લાગેલો છે તે મનુષ્ય આલોકમાં સુખથી વર્દ્ધિત થતો નથી.

न सीदन्नपि धर्मेण मनोऽधर्मे निवेशयेत् ।
अधार्मिकाणां पापानामाशु पश्यन् विपर्य्ययं ॥२

ધર્મના માર્ગમાં રહ્યાથી ઘણી વિપત્તિ આવે અને અધાર્મિક પાપીઓની ઉન્નતિ જોવામાં આવે તોપણ અધર્મના આચરણમાં પ્રવૃત્ત થશો નહિ.

अधर्मेणैधते तावत् ततोभद्राणि पश्यति ।
ततः सपत्नान् जयति समूलस्तु विनश्यति ॥३॥

અધર્મની પ્રથમ વૃદ્ધિ થાય છે, સારાવાનાં થાય છે, અને શત્રુઓને જય કરે છે ત્યાર પછી સમૂલે વિનાશ પામે છે.

धर्म्मं शनैः सञ्चिनुयात् वल्मीकमिव पुत्तिकाः ।
परलोकसहायार्थं सर्व्वभूतान्यपीडयन् ॥ ४ ॥

કોઈ પ્રાણીઓને પીડા આપવી નહિ, પરલોક મેળવવાને માટે ઉધઈ જેમ માટીનો થર બનાવે છે તેમ થોડો થોડો ધર્મ એકઠો કરવો.

नामुत्र हि सहायार्थं पिता माता च तिष्ठतः ।

---

૨ મનુ ૪-૧૧. ૩ મનુ ૪-૧૭૪ વન ૯૮-૪.
૪ મનુસ્મૃતિ.

न पुत्रदारं न ज्ञातिर्धर्म्मस्तिष्ठति केवलः ॥ ५ ॥

પરલોકમાં પિતા, માતા, સ્ત્રી, પુત્ર કે ગ્નાતિ કોઇ સહાય થતાં નથી, કેવળ ધર્મજ સહાય રહે છે.

एकः प्रजायते जन्तुरेकएव प्रलीयते ।
एकोऽनुभुङ्क्ते सुकृतमेकएव तु दुष्कृतं ॥ ६ ॥

જીવ એકલો ઉત્પન્ન થાય છે, એકલો લય પામે છે, અને એકલોજ પોતાની સુકૃતિ અને દુષ્કૃતિનું ફલ ભોગવે છે.

मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्ठसमं क्षितौ ।
विमुखाबान्धवायान्ति धर्म्मस्तमनुगच्छति ॥७॥

બાંધવો ભૂમિની ઉપર મૃત શરીરને કાષ્ઠ લોષ્ઠવત્ પરિત્યાગ કરીને ચાલ્યા જાય છે; ધર્મ તેનો અનુગામી થાય છે.

तस्माद्धर्म्मं सहायार्थं नित्यं सञ्चिनुयात् शनैः ।
धर्म्मेण हि सहायेन तमस्तरति दुस्तरं ॥ ८ ॥

એટલા માટેજ પોતાના સહાય વાસ્તે ક્રમે ક્રમે ધર્મનો નિત્ય સંચય કરવો; ધર્મ સહાય હોવાથી દુસ્તર અંધકારને તરી શકાય છે.

---

૫ મનુ ૪-૨૩૯. ૬ મનુ ૪-૨૪૦.
૭ મનુસ્મૃતિ ૪-૨૪૧. ૮ મનુ ૪-૨૪૨.

एषआदेशएषउपदेशएतदनुशासनं एवमुपासितव्यमेवमुपासितव्यं ॥ ९ ॥

આ આજ્ઞા છે, આ ઉપદેશ છે, આ શાસ્ત્ર છે. આવી રીતે તેની ઉપાસના કરવી આવી રીતે તેની ઉપાસના કરવી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

બ્રાહ્મધર્મ સમાપ્ત.

આ ગ્રંથકારનાં પુસ્તકો.

૧ કાવ્ય ચર્ચા...... ... ... ૦–૬–૦
૨ નાટ્ય ચર્ચા. ૦–૬–૦
૩ સંગીત ચર્ચા. ૦–૬–૦
૪ વિષ વૃક્ષ... (નવલ કથા)... ... ૦–૮–૦
૫ દુર્ગેશનન્દિની... ...(,,) ૦–૮–૦
૬ સન્યાસી...... ...(,,) ૦–૬–૦
૭ શરત્ચંદ્ર..... ...(,,) ૦–૮–૦
૮ જીવન પ્રભાત......(,,) ૦–૮–૦
૯ વૈદ્યકન્યા...... ...(વાર્તા.) ૦–૬–૦
૧૦ શકુન્તલા...... ...(,,) ૦–૩–૦
૧૧ વિક્રમોવર્શી... ...(,,) ૦–૩–૦
૧૨ ઉત્તર રામ ચરિત્ર...(,,) ૦–૬–૦
૧૩ માલતી માધવ. ...(,,) ૦–૫–૦
૧૪ રત્નાવળી....... ...(,,) ૦–૩–૦
૧૫ હૃદય વિકાસ... ...(,,) ૦–૬–૦
૧૬ ગંગા ગોવિંદસિંહ...(નવલ કથા)... ૦-૧૨-૦
૧૭ અશ્રુમતી નાટક... ... ... ૦–૮–૦
૧૮ પુરૂ વિક્રમ નાટક...... ... ... ૦–૪–૦
૧૯ ઉભરાઇ જતો પ્રેમ...... ... ... ૦–૪–૦
૨૦ પ્રેમચર્ચા... ... ... ૦–૮–૦
૨૧ સદ્વર્તનશાલિ સ્ત્રીઓ... ... ... ૦–૪–૦
૨૨ સ્ત્રી જાતિની સત્કીર્તિ... ... ... ૦–૩–૦

૨૩ મા અને છોકરાં (બીજી આવૃત્તિ)... ૦–૪–૦
૨૪ સીતા વનવાસ. (બીજી આવૃત્તિ)... ૦–૪–૦
૨૫ પ્રખ્યાત સ્ત્રીઓનાં ગુણ કીર્તન...... ૦–૪–૦
૨૬ માનું કર્તવ્ય ૦–૪–૦
૨૭ જનહિતકારિણી સ્ત્રીઓ....... ... ૦–૪–૦
૨૮ સીતા ચરિત્ર....... ... ... ૦–૪–૦
૨૯ કેવી રીતે બાળકને સદ્દગુણનું તથા
ધર્મનું શિક્ષણ આપવું... ... ... ૦–૪–૦
૩૦ સતી સ્ત્રીઓ...... ... ... ૦–૪–૦
૩૧ સ્વદેશ પ્રેમી સ્ત્રીઓ... ... ... ૦–૪–૦
૩૨ સ્ત્રીજાતિ વિષે વિવેચન...... ... ૦–૮–૦
૩૩ નારી ધર્મ... ... ... ૦–૪–૦
૩૪ સ્ત્રીહિત શિક્ષા... ... ... ૦–૬–૦
૩૫ સ્ત્રીઓનાં સારાં કામ... ... ... ૦–૪–૦
૩૬ હિંદુ સ્ત્રીઓનાં યશોગાન...... ... ૦–૪–૦
૩૭ બહેન ડોરાનું જીવન ચરિત્ર... ... ૦–૨–૦
૩૮ પરોપકારી અબળા...... ... ... ૦–૧–૦
૩૯ ભારત મહિલા... ... ... ૦–૬–૦
૪૦ ગૃહ ધર્મ.... ... ... ૦–૨–૦
૪૧ Noble Deeds of Women and Girls 0-6-0
૪૨ ધર્મ નીતિ... ... ... ૦–૭–૦
૪૩ વિવાહ તત્વ સિંધુ...... ... ... ૦–૪–૦
૪૪ કેવી રીતે વંશમાં સારાં છોકરાં ઉત્પન્ન કરવા. ૦–૬–૦

એન. એમ. એંડ કંપની કાલકાદેવી રોડ–મુંબઇ.